# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 22 • ISSUE : 5 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH OCTOBER 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## પ્રકાશ સમીક્ષા આયોજીત સત્કાર સમારંભ તા. ૨૯-૯-૨૦૧૯



ઍડ. શ્રી આર. આર. નાગડાનું સન્માન કરી રહેલા શ્રી કિરીટભાઇ લાપસીયા અને
શ્રી કેશરસિંહ ખોના સાથે શ્રી તિલકચંદ લોડાયા



શ્રી તિલકચંદભાઇ લોડાયા I.R.S. નું સન્માન કરી રહેલા શ્રી જયંતભાઇ છેડા અને
શ્રીમતી કાશ્મિરાબેન લુઠીયા સાથે ઍડ. શ્રી આર. આર નાગડા

# પ્રકાશ સમીક્ષા આયોજીત સત્કાર સમારંભ તા. ૨૯-૯-૨૦૧૯



શ્રી આર.આર. નાગડાનું ઉદ્બોધન



શ્રી આર.આર. નાગડા તથા શ્રી તિલકચંદ લોડાયા સાથે પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હિરાચંદભાઈ દંડ



શ્રી તિલકચંદ લોડાયાનું ઉદ્બોધન



સ્વાગત પ્રવચન
શ્રી હિરાચંદભાઈ દંડ







સત્કાર મૂર્તિઓ શ્રી આર.આર. નાગડા તથા શ્રી તિલકચંદ લોડાયાનો પરિચય
શ્રી શૈલેશભાઈ શાહ
શ્રી ઉદયનભાઈ શાહ



શ્રી હંસકુમાર બી. ખીમજીનું ઉદ્બોધન



શ્રી નયનભાઈ ભેદાનું ઉદ્બોધન



શ્રી રમેશભાઈ લોડાયાનું ઉદ્બોધન



આભાર દર્શન
શ્રી મુકેશભાઈ લોડાયા



ઉપસ્થિત આમંત્રિત મહાનુભાવો



સમારંભ સંચાલન
શ્રીમતી ચંદ્રિકાબેન ચેતન લોડાયા

# પ્રકાશ સમીક્ષા આયોજીત સત્કાર સમારંભ તા. ૨૯-૯-૨૦૧૯












# પ્રકાશ સમીક્ષા આયોજીત સત્કાર સમારંભ તા. ૨૯-૯-૨૦૧૯

























# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ આયોજિત
# પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

## દાતા પરિવારો




**સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ**
**હંસરાજ ધરમશી પરિવાર**
(સુથરી - વરલી)




**માતુશ્રી ભમલબાઇ પદમશી પુંજાભાઇ**
**પીર પરિવાર**
(સુથરી - ડોંબિવલી)



અષ્ટપ્રકારી સામગ્રી



યાત્રિકો બાંદરા ટર્મિનલ



યાત્રિકો બાંદરા ટર્મિનલ



ભદ્રેશ્વર તીર્થ



ભુજપુર - શ્રી વસંતભાઇ પીરનું બહુમાન



ભુજપુર - શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર



મોટી આસંબીયા
શ્રી રમેશ લોડાયાનો બહુમાન



શેરડી - ભવ્ય સામૈયું



શેરડી - શ્રી મહેન્દ્રભાઇ પીરનું બહુમાન

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ આયોજિત
# પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી


ગઢશીશા - શ્રી કુલીનભાઇ પીરનું બહુમાન


નરેડી - ભવ્ય સામૈયું


નરેડી - શ્રી હિરેનભાઇ લાપસિયાનું બહુમાન


ડુમરા - પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી


ડુમરા - શ્રી રમેશભાઇ લોડાયાનું બહુમાન


કોટડી મહાદેવપુરી -ગુરૂવંદન અને સાવંત્સરિક વંદન


મુંબઇ મહાજનશ્રી પ્રમુખ કલ્પેશભાઇ મોતાનું બહુમાન



મુખ્ય દાતાશ્રી પરિવારનું બહુમાન


મુખ્ય દાતાશ્રી પરિવારનું બહુમાન



સહાયક દાતાશ્રી પરિવારનું બહુમાન


સંભારણા રૂપે બેગ અને સંઘપૂજનના કવર


અષ્ટપ્રકારી સામગ્રીના દાતાશ્રીનો બહુમાન


મિચ્છામિ દુક્કડમ કરતા મહાજનશ્રીના સભ્યો



દાતા પરિવારની શ્રાવિકોઓનું તિલકથી સન્માન કરેલ


યાત્રાનો આનંદ માણતા યાત્રિકો

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા



**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**અંક નં. ૫**
**Date : 05-10-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com


## તંત્રી સ્થાનેથી

*મેં મારા આ અગાઉના તંત્રીલેખમાં ડૉંબિવલીના હોપ-૧૦૦૦ પ્રકલ્પ તથા ઐરોલી વાડી અંગે લખેલું હતું. આ પ્રકલ્પો પુર્ણ કરવા કોઈકને આગળ આવવા, જવાબદારી ઉપાડવા માટે વિનંતી કરી હતી.*

*પ્રકાશ સમીક્ષા આયોજીત કાર્યક્રમમાં શ્રી તિલકચંદ લોડાયાએ જાહેર કર્યું હતું કે બે પાર્ટીઓએ હોપ-૧૦૦૦ પ્રકલ્પ માટે રસ લીધો છે અને તેમની સાથે વાટાઘાટો ચાલુ છે. બેસ્ટ ઑફ લક તિલકચંદભાઈ...*

*તેજ પ્રમાણે મુંબઈ મહાજને તા. ૧૮-૯-૨૦૧૯ના નક્કી કર્યું હતું કે તા. ૨-૧૦-૨૦૧૯ના ઐરોલી મહાજન વાડી ખાતે આ પ્રકલ્પ અંગે મીટીંગ યોજીશું. આ મીટીંગમાં હાજર રહેવાનું મને આમંત્રણ મળ્યું હતું. જેમાં હાજર રહીને મેં આ વિષયના પ્રશ્નો અને પ્રગતિ વિશે જાણકારી મેળવી.*

*મુંબઈ મહાજન દ્વારા ૨-૧૦-૨૦૧૯ના બોલાવાયેલી મીટીંગમાં મુંબઈ મહાજનના કમીટી મેમ્બર્સ, કસ્તુરી પદમ વાડીના મુખ્ય દાતાઓ, શ્રી અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટીઓ અને જ્ઞાતિના અમૂક આગેવાનો ઉપસ્થિત હતા. ઐરોલી મહાજન વાડી ખાતે નિર્માણ કાર્ય ક્યા તબક્કે છે એની માહિતી, ભવિષ્યના પ્લાન વિશે વીડીઓ પ્રેઝન્ટેશન, પ્રકલ્પનો નકશો, આર્કીટેક્ટ શ્રી ઉમેશ ખેતશી ખોના - ઘાટકોપર દ્વારા દર્શાવવામાં આવ્યા. ઉપસ્થિત સૌએ ચારે માળની મુલાકાત લઈ પરિસ્થિતિ જાણી હતી.*

*૪થા માળે પુરૂષો અને મહિલાઓ માટે ડોર્મેટરી રૂમની તથા ચાર એરકન્ડીશન રૂમ પુરૂષો તથા ચાર એરકન્ડીશન રૂમ મહિલાઓ માટે રાખવામાં આવ્યા છે. આ બહારગામથી ક.દ.ઓ. જ્ઞાતિજનોને મેડીકલ ટ્રીટમેન્ટ માટે કે અન્ય કારણસર મુંબઈ આવે ત્યારે તેમને વ્યાજબી દરથી રૂમ્સની આ સુવિધા ઉપલબ્ધ થશે. અન્ય માળાઓ તૈયાર છે જેનું ફિનીશીંગ વર્ક બાકી છે.*

*આ વાડીના સ્વપ્નદૃષ્ટા શ્રી ભૂપેન્દ્રભાઈ દંડ છે. જ્ઞાતિજનો જ્યારે ટૂંક સમય માટે મુંબઈ આવે ત્યારે તેમને સુવિધા મળી રહે એ હેતુથી આ મહાજન વાડી માટે જમીન પ્રાપ્ત કરવામાં તેઓશ્રી ખૂબજ મદદરૂપ થયા હતા. જ્ઞાતિના અમૂક આગેવાનોના અસહકારના કારણે આ પ્રકલ્પની પૂર્ણતામાં આવેલી રૂકાવટોના કારણે શ્રી ભૂપેન્દ્રભાઈ ખૂબજ નિરાશ છે. તેમના જણાવ્યા મુજબ જ્ઞાતિની મોટી રકમ આ પ્રકલ્પમાં અટકેલી છે એટલે આ પ્રકલ્પ જલ્દીથી શરૂ થાય એ જરૂરી છે. શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાના પૌત્ર શ્રી યશ ધીરેન મોતાએ જણાવ્યું કે આજનો યુવા વર્ગ વાતોને બદલે કાર્ય ઈચ્છે છે. શ્રી પ્રફુલ ચીમનલાલ મોતા (તેરા)એ આ પ્રકલ્પની રૂકાવટ અંગે ચિંતા દર્શાવી જણાવ્યું કે મહાજનના પદાધિકારીઓ તથા શ્રી અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટીશ્રીઓ આગળ આવે અને આ પ્રકલ્પ પુર્ણ કરવા દાન આપે.*

*મહાજનને મારો પ્રશ્ન હતો કે આપ સૌ ૫૪ મહિના સુધી ચૂપ કેમ બેસી રહ્યા ? અને આપના કાર્યકાળની મુદત પુર્ણ થવાને ૬ મહિના બાકી છે ત્યારે જ આ પ્રશ્ન કેમ હાથ ધર્યો ? મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાએ મારા પ્રશ્નોનો ઉત્તર આપતા*

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| ¼ પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| ¼ પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતી દરેક પ્રકારની લેખન સામગ્રીમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં.
**- તંત્રી મંડળ**

### પ્રકાશ સમીક્ષાના પ્રતિનીધીઓ

**મહેશભાઇ જવેરચંદ લોડાયા** - વારાપધર, ગાંધીધામ
મો. **99043 53381 / 79908 23606**
**શશીકાંત કુલિનકાંત લોડાયા** - કોચીન
મો. **93874 41909 / 88938 41909**
**હેમાંગ શાહ** - મુલુંડ, મો.: **09920646846**
**ગુલાબચંદ હિરજી છેડા** - જશાપર-સૂરત
મો.: **099985 56567**
**કિશોર કાનજી ધુલ્લા** - વડોદરા
મો.: **080001 27252**
**રાયચંદભાઈ મોમાયા** - કલીકટ
મો.: **079076 06932**

### માનદ્ પ્રતિનિધિ નીમવા છે

દરેક ગામમાં પ્રકાશ સમીક્ષાના લવાજમ અને સમાચારો માટે માનદ્ પ્રતિનિધિ નીમવા છે. ઇચ્છુક વ્યક્તિ સંપર્ક કરશો. જૂના માનદ્ પ્રતિનિધિઓને પણ ફરી કાર્યરત થવા વિનંતી.

**સંપર્ક :**
હીરાચંદ દંડ - **7738508150,**
ઉદયન શાહ - **8779647886,**
ઈમેલ : **kdoprakash@gmail.com**


**Exclusive Embroidery & Upto date Finishing**
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 **Sunday Closed**
Originally at Zaveri Bazar since 1976

જણાવ્યું કે તેમણે કાર્યકાળના વિતેલા સમયમાં અથાક પ્રયત્નો કર્યા. આ માટે મહાજનની જનરલ મીટીંગ પણ બોલાવી પરંતુ કેટલી ચોક્કસ વ્યક્તિઓ દ્વારા આના નિરાકરણમાં બાધાઓ ઉભી કરવામાં આવી એટલે અમને પુરતું પીઠબળ ના મળી શક્યું. એપ્રિલ ૨૦૧૮થી અમે શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટને મહાજન સાથે સહયોગી થઈ ઐરોલી મહાજન વાડીનું કાર્ય પરિપૂર્ણ કરવા આર્થિક રીતે મદદરૂપ થવા વિનંતી કરી રહ્યા છીએ અને આના પરિણામે શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટે મહાજનને ૫.૫ કરોડ રૂપિયા આપવા તૈયારી દર્શાવી છે. પ્રમુખશ્રીએ શ્રી અનંતનાથજી દેરાસર ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

આ પછી મારી સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે કે આપણુ પ્રથમ લક્ષ્ય કસ્તુરી પદમ વાડી-ઐરોલી મહાજન વાડી પ્રકલ્પ પુર્ણ થાય અને જ્ઞાતિના ઉપયોગ માટે ઉપલબ્ધ થાય એ રહેવું જોઈએ. જો મહાજનની વર્તમાન કમિટી પોતાની બાકી રહેલી મુદતમાં આ કાર્ય પરિપૂર્ણ ન કરી શકે (મોટા ભાગે માર્ચ ૨૦૨૦ સુધીમાં પુર્ણ થઈ શકે કારણ કે આવશ્યક મુડીની વ્યવસ્થા થઈ ગઈ છે) તો નવી કમિટીએ પ્રાધાન્ય આપી આ કાર્ય પરિપુર્ણ કરવું જ જોઈએ.

**આવો આપણે સૌ અહમને અળગો કરીએ, સાથે મળીને જ્ઞાતિને પ્રગતિના પંથે આગળ વધારીએ.**

– *હિરાચંદ દંડ*, **Mob.: 7738508150**

## પ્રકાશ સમીક્ષા આયોજીત સત્કાર સમારંભ તા. ૨૯-૯-૨૦૧૯




રવિવાર તા.૨૯ સપ્ટેમ્બરના રોજ માટુંગાં ગુજરાતી કલબ ખાતે ક.દ.ઓ.પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ દ્વારા બે મહાનુભાવોનું સન્માન કરાયું હતું. એડ. રાયચંદ નાગડાએ પ્રકાશ સમીક્ષા સાપ્તાહિકનું તંત્રીપદ ૨૦૦૮-૨૦૧૮ સુધી સંભાળ્યું હતું અને તીલકચંદ લોડાયા (નિવૃત ઈન્કમટેક્સ કમિશ્નર). પ્રકાશ સમીક્ષા ટ્રસ્ટ એ તેમને દૈનિક વોટ્સએપ પ્રકાશના વ્યવસ્થાપનની જવાબદારી સોંપી હતી જે તેમણે સતત ૪૦૧ દિવસ સુધી સુંદર રીતે નીભાવી હતી. પ્રેસિડન્ટ હિરાચંદ દંડ એ સર્વ મહાનુભાવોનું સ્વાગત કરતા હાલની પ્રકાશ સમીક્ષાની વ્યવસ્થાની ઝાંખી આપી હતી. ત્યારબાદ આર.આર. નાગડા અને તીલકચંદ લોડાયાને સન્માનપૂર્વક મંચ ઉપર આમંત્રિત કરાયા હતા. એડ. શૈલેષભાઈ શાહએ આર.આર. નાગડાનો રમૂજી શૈલીમાં પરિચય આપ્યો હતો. આર.આર. નાગડાએ પોતાના વક્તવ્યમાં પ્રકાશ સમીક્ષા કેવી રીતે શરૂ કરવામાં આવ્યું અને તેના પ્રકાશનમાં કેવા ચઢાવ ઉતાર આવ્યા અને તેમણે કેવી હિમંતથી અને ડર્યા વગર તંત્રી લેખો લખ્યા છે તે અંગે માહિતી આપી હતી. આર. આર. નાગડાનું તેમની અમૂલ્ય સેવાઓ બદલ કેસરસિંહભાઈ ખોના અને કિરીટભાઈ લાપસીયા ના હસ્તે શાલ ઓઢાડી તેમજ સંભારણું અર્પણ કરીને સન્માન કરાયું હતું.

ત્યારબાદ તીલકચંદ લોડાયાનો પરિચય એડ. ઉદયન શાહએ આપ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગવર્નમેન્ટ ઓફિસર તરીકે કામની વ્યસ્તતા વચ્ચે તેમણે કે.ડી.ઓ. સમાજ માટે ખૂબ કાર્યો કર્યા છે. તીલકચંદ લોડાયાએ પોતાના વક્તવ્યમાં પ્રકાશ સમીક્ષાની વોટ્સઍપ આવૃતિની શરૂઆત શી રીતે થઈ અને તેને તેમણે એકલા હાથે કેવી રીતે સંભાળી તે વિષે માહિતી આપી હતી. આ સેવા બદલ જયંતભાઈ છેડા અને કાશ્મિરાબેન લુઠિયાના હસ્તે તિલકચંદભાઈનું શાલ ઓઢાડી અને સંભારણું અર્પણ કરીને સન્માન કરાયું હતું.

આ પ્રસંગને અનુરૂપ હંસભાઈ બી. ખીમજી, નયનભાઈ ભેદા અને રમેશભાઈ લોડાયાએ તેમના અભિપ્રાયો વ્યક્ત કર્યા હતા. અંતમાં મુકેશભાઈ લોડાયાએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ચંદ્રિકાબેન લોડાયાએ કર્યું હતું.

**– જયંત છેડા**

|| શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમઃ || || શ્રી શામળીયાજી પાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

**કાર્યાલય :** કુમાર બાબુભાઇ દંડ, એલ-૫૭/૫૮, ડ્રીમ્સ મૉલ, રેલ્વે સ્ટેશન પાસે, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.
ફોન : ૦૨૨-૨૧૬૬ ૪૮૧૨ / ૧૩ ● ઈ-મેલ : dand.kumar@gmail.com

## સ્નેહ નીતરતું નિમંત્રણ

**વ્હાલા તેરા, કુવાપધર, લાખણીયા તથા ધ્રુફી ગામના ગામવાસીઓ, સાદર પ્રણામ.... જય જિનેન્દ્ર....**

આપ સહુએ પર્યુષણ પર્વની આરાધના તેરા ખાતે, મુંબઇમાં કે દેશ દેશાવરમાં રૂડી રીતે કરી હશે. આ વખતે માદરે વતનના બધા તળાવોમાં નવા નીર હિલોળા લઈ રહ્યા છે અને અમારૂં મન હિલોળા લઇ રહ્યું છે, આપ સહુને રૂબરૂ મલવા. પર્યુષણ પર્વ બાદ હવે સમય થયો છે સાથે મળી સ્નેહ મિલન માણવાનો, સાથે જ આપણા ગામના ભવ્ય દેરાસરની ધજા ચડાવવાનો પણ સમય થઇ રહ્યો છે. અમોને જણાવતાં આનંદ થાય છે કે આપણાં નીચે મુજબ કાર્યક્રમો નક્કી થયા છે જે માટે અત્રેથી આપ સહુને ખાસ નિમંત્રણ પાઠવીએ છીએ. તો જરૂરથી સહપરિવાર પધારશોજી.

**૩૯મું સ્નેહમિલન શુભ દિન :** રવિવાર, તા. ૨૦-૧૦-૨૦૧૯,
સમય : સવારના ૯.૦૦ કલાકથી ૫.૦૦ વાગ્યા સુધી

**શુભ સ્થળ : શ્રી સારસ્વત વાડી, ઝવેર રોડ,**
**મુલુંડ (વેસ્ટ) સ્ટેશન પાસે, મુંબઇ-૪૦૦ ૦૮૦.**

| સમય | તા. ૨૦-૧૦-૨૦૧૯ રવિવારનો કાર્યક્રમ |
|---|---|
| સવારના ૯.૦૦ થી ૧૦.૦૦ | શ્રી મહાકાલી માતાની ભાવના (નોંધ : સવારના ૯.૦૦ વાગ્યાથી પધારનાર પ્રથમ ૧૦૦ વ્યક્તિઓને લક્કી ડ્રો કુપન આપવામાં આવશે.) |
| સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ | સમૂહ ક્ષમાપના, શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ માટેની બોલી રૂપીયામાં તથા લાભ લેનાર ભાગ્યશાળીના હસ્તે હારારોપણ, ધજાના જરૂરી ચડાવા લેવાશે, વિદ્યાર્થી-તપસ્વી બહુમાન, સંઘનો ગત વર્ષનો અહેવાલ તથા મહાનુભાવોનું સંબોધન |
| બપોરના કાર્યક્રમો | ૧૧.૩૦ થી ૨.૦૦ સ્વરૂચી ભોજન, બપોરના ૨.૦૦ થી ૩.૦૦ અનેરૂં - આકર્ષણ (suspense), દાંડીયા રાસ, હાઇ ટી (Hi Tea) |

**ખાસ નોંધ :** શ્રી તેકુલાધુની નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવા ખાસ આમંત્રણ છે જે આમંત્રણ આપ આપની દિકરીઓને યાદ કરીને પાઠવશોજી.

**અગત્યની નોંધ : આપની ફરજો :** કાર્યક્રમમાં સમયસર હાજરી આપવી, ઉદાર દિલથી આપનો યથાશક્તિ ફાળો નોંધાવવું, તપસ્વીઓ તથા ગત વર્ષની પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓની નામ નોંધણી તા. ૧૫-૧૦-૧૯ સુધી જ, સરકારશ્રી દ્વારા સન્માનિત મહાનુભાવોનું અભિવાદન તથા અન્ય કોઇપણ ક્ષેત્રમાં આગળ પડતી વ્યક્તિઓના નામની નોંધણી, આપના નામ-સરનામા, સંપર્ક નંબર અપડેટ કરાવવા, આજીવન સભ્ય ૨૫૧/- ચુલ્લા દિઠ ભરી સભ્યપદ લેવું, કોઇપણ યુવા ભાઇ કે બહેનને કાર્યકર્તા તરીકે જોડાવું, કાર્યક્રમમાં છેલ્લે સુધી હાજરી વગેરે.

**ખાસ નોંધ :** કાર્યકર્તાઓની ખાસ જરૂર હોતાં સહુ યુવાનો અને યુવતીઓને વિનંતી કે ગામ માટે કામ કરવા હોંશે હોંશે નામ જરૂરથી લખાવશો જેથી આપણી ટીમ હજી મજબુત થાય.

**વિદ્યાર્થીઓ તથા તપસ્વીઓ વગેરેએ નામ નોંધાવવા આ મુજબ કાર્યકર્તાઓનો સંપર્ક કરવો :**
**કવિતા હેમંત ધુલ્લા - 96193 12313 મમતા મયુર ધરમશી - 95943 38358**
**મોનિકા ગોવિંદજી મોતા - 98920 26568 વિપુલ વિનોદ ધુલ્લા - 88793 33599**

**આગામી ધજાનો કાર્યક્રમ (ત્રિહાન્હીકા) મહોત્સવ :** આપણા શ્રી તેરા પાર્શ્વ જીનાલયની ૧૬૨મી વર્ષગાંઠ મહા સુદ પાંચમ (વસંત પંચમી)ને બુધવાર તા. ૨૯-૦૧-૨૦૨૦ના છે. (તેમજ તા. ૨૮-૦૧-૨૦૨૦ના વડીલ વંદનાનો કાર્યક્રમ રાખેલ છે), તો માદરે વતનમાં આ કાર્યક્રમમાં સહભાગી થવા નમ્ર વિનંતી છે. આપશ્રી આપની આવવા-જવાની ટિકિટો તે મુજબ કઢાવી લેશો જી અને આની જાણ અમોને તરતજ કરશો જેથી તેરા ખાતે તે મુજબ આપની વ્યવસ્થા કરી શકાય.

**અગત્યની નોંધ :** જેમના વડીલોના ફોટા તેરા ખાતે લગાડેલા છે તેમણે તો વડીલ વંદના કાર્યક્રમમાં ખાસ સહભાગી થવું જરૂરી છે જ અને એમને પ્રોત્સાહીત કરવા આપણે સહુએ પણ તેરા જવું જોઇએ એજ વિનંતિ.

| તારીખ તથા વાર | કાર્યક્રમ |
|---|---|
| ૨૭-૦૧-૨૦૨૦ સોમવાર | શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા |
| ૨૮-૦૧-૨૦૨૦ મંગળવાર | અઢાર અભિષેક બાદ વડીલ વંદના |
| ૨૯-૦૧-૨૦૨૦ બુધવાર | ધ્વજા રોહણ |

આ માટે ચારેય ગામની નિયાણી બહેનોને પણ ખાસ આમંત્રણ છે જે માટે નીચે મુજબ નિયાણી બહેનોનું એક **Whatsapp Group** બન્યું છે તો સંપર્ક કરશોજી.

**લતાબેન કિરિટ કુરૂવા - 9324028932 મોનિકા ગોવિંદજી મોતા - 9892026568 લીલાબેન મણીલાલ લોડાયા - 7208298081**
**પ્રેમીલાબેન કિરિટ ખોના - 8779678290 લીનાબેન હિતેન લોડાયા - 8652155585 અમીતા નીરજ લોડાયા - 9324229844**

એજ લિ. **શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ તથા**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ - તેરા ના મિચ્છામિ દુક્કડમ્**

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત
# પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

બુધવાર તા. ૧૧-૦૯-૧૯ ના સમી સાંજે મેઘરાજાની અનરાધાર કૃપાએ બધા યાત્રિકો હર્ષોલ્લાસથી બાંદ્રા રેલવે સ્ટેશનથી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત પર્વાધિરાજ પર્યુષણના પાંચ કર્તવ્યમાંના એક કર્તવ્ય ચૈત્ય પરિપાટીનું આયોજન **મુખ્ય દાતા સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી-વરલી પરિવાર તથા સહાયક દાતા - માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજાભાઈ પીર, સુથરી-ડોમ્બિવલી.**

પરિવારના સહયોગે ૧૧૧ યાત્રિકો દાતા પરિવારના સભ્યો સહ કચ્છ એક્સપ્રેસ ટ્રેન દ્વારા ૫.૪૫ કલાકે **પ.પૂ.અચગચ્છધિપતિ તપસ્વીરત્ન, તપચક્રવર્તી આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા., પ.પૂ. આ.ભ. કલાપ્રભસાગરસુરીશ્વરજી તેમજ સાધુ-સાધ્વીજી ભગવંતોને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન તથા ચૈત્યો જુહારવા** ગાંધીધામ તરફ પ્રવાસના શુભ મંડાણ કર્યા....

ગાંધીધામ સ્ટેશને ૭.૧૫ કલાકે સવારના પહોંચી તૂફાન વાહનો દ્વારા વ્યવસ્થા પ્રમાણે **ભદ્રેશ્વર તીર્થ** તરફ રવાના થયા. નવકારશી ગ્રહણ કર્યા બાદ મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની સેવા પૂજા, ચૈત્યવંદન વિધિ કરી વાહન દ્વારા **ગણેશ રતડીયા** શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જિનાલયે દર્શનવિધિ કરી ભુજપુર તરફ પ્રયાણ.

**ભુજપુર -** ભુજપુર મહાજન તરફથી સ્વાગત, જિનાલયમાં ચૈત્યવંદન કરી ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી પુનિતગુણાશ્રીજી મ સા.આદિ ઠાણા ૨ ને ગુરુવંદન, સાંવત્સરીક વંદન કરી માંગલિક તેમજ પ્રસંગોચિત વ્યાખ્યાન શ્રવણ કરેલ. ભુજપુર મહાજન તરફથી દાતા પરિવારના વડીલબંધુ શ્રી વસંતભાઈનું બહુમાન કરવામાં આવેલ. માનદમંત્રી રમેશ લોડાયા દ્વારા પૂ. ગુરૂભગવંતોને શાતા, તપસ્વી યાત્રિકોને શાતા, પ્રણામ કર્યા બાદ પ્રવાસની માહિતી અપાઈ તેમજ ભુજપુર મહાજન, સંઘનો આભાર માની સંઘપૂજન સ્વીકારી **શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ** મંદિરમાં સ્થાપિત દેવીઓના દર્શન - પ્રણામ કરી મોટા આસંબીઆ તરફ પ્રયાણ.

**મોટા આસંબીયા -** સ્થાનિકો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ, જિનાલયમાં ચૈત્યવંદન, દેવદર્શન વિધિ કરી ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી અક્ષયગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૬ ને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તથા પર્વને લગતા સુચિતાર્થો ટુંકાણમાં શ્રવણ કરેલ. સંઘ દ્વારા મહાજન માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરવામાં આવેલ. રમેશ લોડાયા દ્વારા સર્વે ભગવંતોને સુખશાતા સંઘમાં પર્વ રૂડી રીતે ઉજવાયાની માહિતી તથા શ્રી મોટા આસંબીયા સંઘનો આભાર માની સંઘપૂજન સ્વીકાર કરી વાહન દ્વારા શેરડી તરફ પ્રયાણ કરવામાં આવેલ.

**શેરડી -** સમય ને લક્ષમાં રાખી શેરડી સંઘના ભાઈઓનો સંપર્ક કરી શેરડીમાં પ્રથમ બપોરની સાધર્મિક ભક્તિને ન્યાય આપી સંઘ દ્વારા મહાજનશ્રીનું ઢોલ, શરણાઈના નાદે ભવ્ય સામૈયું કરવામાં આવેલ. નૂતન જિનાલયમાં દર્શન કરી ઉપાશ્રયમાં બિરાજમાન સાધ્વી મુખ્યા પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પૂજ્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉપદેશ આપવામાં આવેલ. શ્રી શેરડી સંઘ દ્વારા દાતા પરિવારના શ્રી મહેન્દ્રભાઈ પદમશી પીર, સુથરી નું બહુમાન કરવામાં આવેલ. માનદ મંત્રી રમેશ લોડાયા દ્વારા પૂજ્યશ્રી મોટા આસંબીયા શ્રી છરી પાલિત સંઘ - સુથરી મુકામે તા. ૦૨-૧૨-૨૦૧૯ના એમનો ૬૬ મો દિક્ષા તિથિ સ્થળ સુથરી મુકામે પધારશે તા. ૦૩-૧૨-૨૦૧૯ સંઘમાળ વખતે - શેરડી સંઘ તથા યાત્રીકોને પધારવા આમંત્રિત કરેલ. શેરડી સંઘનો સાધર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા તથા બહુમાન માટે આભાર માની સંઘપૂજનનો લાભ લઈ ગઢશીશા તરફ પ્રયાણ કરવા સુચન કરેલ.

**ગઢશીશા -** ગઢશીશા મધે નૂતન જિનાલયમાં શ્રી આદિનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદનની વિધિ કરી ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. મુનિશ્રી તીર્થરત્નસાગરજી મ.સા આદિ ઠાણા ૩ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ પૂજ્ય મેઘરક્ષિતસાગરજી મ. સાહેબે પ્રાસંગિક ઉદબોધન કરેલ જેમાં મસ્જિદબંદરમાં ગુરૂદેવ દેવરત્નસાગરજી મ.સા.ના ચાતુર્માસ નો ઉલ્લેખ કરી શ્રી સંઘમાં ઉતરોતર ધાર્મિક પ્રવૃત્તિઓ નો ઉમેરો થયેલ છે તેની ઝલક લાક્ષણિક શૈલીમાં આપેલ. શ્રી ગઢશીશા સંઘ દ્વારા દાતાશ્રી કુલીનભાઇ પદમશી પીર તથા શ્રી અનંતનાથ દેરાસરના ટ્રસ્ટીશ્રી કમલેશભાઈ સોનીનું બહુમાન કરવામાં આવેલ. ગઢશીશાના શ્રી વિશનજીભાઈ દ્વારા આપણી જ્ઞાતિના ઉત્કૃષ્ટ ગુણગાન, સંપૂર્ણ અચલગચ્છીય તથા દાતાશ્રી કુલીનભાઇ પીરની સામાજિક પ્રવૃત્તિઓને બીરદાવેલ. માનદમંત્રી દ્વારા શ્રી ગઢશીશા સંઘનો બહુમાન માટે આભાર માની સંઘપૂજનનો લાભ લઈ સર્વે દેવપર જવા માટે પ્રયાણ કરેલ.

**દેવપર -** જિનાલયમાં દેવદર્શન, સ્તુતિ વિધિઓ કરી ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. મુનિશ્રી મલયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કર્યા બાદ માંગલિક શ્રવણ તેમજ સમયને લક્ષમાં રાખી પ.પૂ. મુનિશ્રી રત્નાકરસાગરજી મ.સા. દ્વારા પ્રાસંગિક પ્રવચન તથા ચા - પાણીની વ્યવસ્થા ટાળી નરેડી સુધીનો પ્રવાસ તથા ચૌવિહારનો સમય જાળવવા કોટડા-રોહા સંઘના ભાઈઓને ફોન ઉપર સંપર્ક કરી સીધા નરેડી જવા નિર્ણય લીધેલ. સંઘ દ્વારા શ્રી કમલેશ સોનીનું બહુમાન કરવામાં આવેલ. સંઘપૂજનનો લાભ લઈ નરેડી તરફ પ્રયાણ કરેલ.

**નરેડી -** નરેડી પહોચતાં સ્થાનિક સંઘના સભ્યો સાથે ચૌવિહારનો સમય સાચવવા વાર્તાલાપ પ્રમાણે સર્વે યાત્રિકો સાથે

ચૌવિહાર માટે ભોજનગૃહમાં સાંધ્ય સાધાર્મિક ભક્તિનો લાભ લીધો. નરેડી સંઘ દ્વારા બેડાં તથા પખાવાજ તેમજ ઢોલના ઢબૂકે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. જિનાલયમાં દર્શન ચૈત્યવંદન વિધિ પૂર્ણ કર્યા બાદ ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા. ને વંદન કરવા ગુરૂજી અમારો અંતરનાદના ગુંજનાદ સાથે પ્રવેશ કરી ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન કરી માંગલિક શ્રવણ તેમજ સાહેબજી દ્વારા વિસ્તૃત દોઢ કલાક પ્રાસંગિક વ્યાખ્યાન આપવામાં આવેલ. શ્રી સંઘ દ્વારા ધાર્મિક સમિતિના કન્વીનર શ્રી હિરેન નવીનચંદ્ર લાપસીયાનું બહુમાન કરવામાં આવેલ. નરેડી સંઘના પ્રમુખશ્રી નાનજીભાઈ દ્વારા સ્વાગત, પર્વ ઉજવણી રૂપરેખા તથા રમેશ હીરજી લોડાયા દ્વારા શ્રી નરેડી સંઘની સાધાર્મિક ભક્તિની સુંદર વ્યવસ્થા કરી આપવા, બહુમાન તેમજ ભવ્ય સામૈયાની ભૂરી ભૂરી અનુમોદના કરવામાં આવેલ.

**મંજલ રેલડીયા** – નરેડી સંઘની મીઠો મધુર આવકાર માણી મંજલ રેલડીયા પહોંચ્યા. સમય જેમ કોઈની રાહ જોતો નથી તેમ મંજલ રેલડીયા પહોંચતા રાત્રે ૯.૧૫ વાગ્યા દર્શન આરતી – મંગલ દીવાનો લાભ લીધો.

મંજલ રેલડીયાના ટ્રસ્ટી શ્રી સોમચંદ ધરમશી ખાસ મહાજનશ્રીનું સ્વાગત કરવા સ્થાનકે પધારેલ દાતા પરિવારના શ્રી કુલીનકાંત પદમશી પીરનું સન્માન કરવામાં આવેલ. શ્રી મંજલ સંઘ દ્વારા સર્વેનું પુજાના રૂમાલ દ્વારા સંઘપૂજન કરવામાં આવેલ.

રાત્રીના ૯.૪૦ નો સમય થતાં તથા યાત્રિકોનો આખા દિવસનો પ્રવાસ હોઈ મુખારવિંદો ઉપર થકાવટના ચિહનો તથા યાત્રિકોનો અભિપ્રાય જાણી સુથરી જવાનું મોકૂફ રાખવું પડેલ. રાણપર ભારે વરસાદને લીધે પ્રવાસ અનુકુળ નહોતાં મુંબઈથી જ ન જવાનો નિર્ણય લેવામાં આવેલ. ડુમરા સંઘના પણ ફોન ઉપર ફોન આવતાં મંજલ થી ડુમરા તરફ રાત્રિ રોકાણ માટે રવાના થયેલ.

**ડુમરા** – રૂમોની ફાળવણી કાર્ય પ્રમાણે યાત્રિકો ડુમરા યાત્રિકગૃહમાં રાતવાસા માટે ગોઠવાઈ ગયેલ.

તા. ૧૩-૯-૧૯ ને શુક્રવારે વહેલી પરોઢે જિનાલયમાં ડુમરા મધ્યે ચંદ્રપ્રભુ દાદાની સેવા-પૂજા, ચૈત્યવંદન તથા ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ને ગુરૂવંદન, સાવંત્સરીક વંદન, માંગલિક શ્રવણ તથા પૂ. શ્રી અનંતયશાશ્રીજી મ.સા. દ્વારા પ્રસંગોચિત માર્મિક વ્યાખ્યાન આપવામાં આવેલ. શ્રી ડુમરા સંઘ દ્વારા માનદમંત્રી રમેશ લોડાયાનું બહુમાન કરાયેલ. રમેશ લોડાયાએ શ્રી ડુમરા સંઘ દ્વારા રાત્રિ રોકાણ તેમ જ નવકારશીની ઉત્તમોત્તમ સગવડતા બદલ ભૂરિ ભૂરિ અનુમોદના કરેલ.

**દેઢીઆ તીર્થ** – ડુમરાથી નાના રતડીયા જતાં માર્ગ ઉપર યાત્રિકોએ દેઢિયા તીર્થ મધ્યે બિરાજીત શ્રી ગુણપાર્શ્વનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદન વિધિ કર્યા બાદ નાના રતડીયા તરફ રવાના થયેલ.

**નાના રતડીયા** – ભાદરવા સુદ પૂનમ તા. ૧૩-૯-૧૯ના મહા મંગલકારી દિવસે અચલગચ્છીય નાયક તપચક્રવર્તી, તપસ્વીરત્ન પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરિશ્વરજી મ.સા. ૮૮ માં જન્મોત્સવ માણવા, વધાઈ અર્પવા નાના રતડીયા જિનાલયમાં બિરાજીત શ્રી સુમતિનાથ ભગવાનના દર્શન-વંદન વિધિ કર્યા બાદ વિશાળ મંડપમાં પૂજ્યશ્રી દ્વારા કરાયેલ મહા મંગલકારી માંગલિકનું શ્રવણ, પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકર સાગરજી દ્વારા વિવિધ મુદ્દાઓ ઉપર ઉદબોધન તથા પ.પૂ. આ.ભ. શ્રી વિરભદ્રસાગરસુરીશ્વરજી મ.સા. દ્વારા પ્રાસંગિક પ્રવચન શ્રવણ કર્યા બાદ સાધાર્મિક ભક્તિને ન્યાય આપેલ. મંડપમાં પ્રવેશતાં જ પૂજ્ય શ્રી હસ્તાંતરિત સિલ્વર લેમીનેટેડ નોટ, આશીર્વાદ સમી વાસક્ષેપ તથા સંઘ પૂજન કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે યાત્રિકો વાહન દ્વારા કોટડી મહાદેવપુરી તરફ પ્રયાણ કરેલ.

**કોટડી મહાદેવપુરી** – યાત્રિકોના સંપૂર્ણ સાથ સહકારથી કોટડી આયોજનમાં સામેલ ન હોવા છતાં કોટડી જઈ જિનાલયમાં શ્રી મુનિસુવ્રત સ્વામિ તેમજ શ્રી અનંતનાથ ભગવાનના દર્શન, ચૈત્યવંદન વિધિ કર્યા બાદ ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વી રમ્યગુણાશ્રી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અનંતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ ને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન, માંગલિક શ્રવણ તેમ જ પ.પૂ. શ્રી અનંતગુણાશ્રી મ.સા. દ્વારા ટૂંકાણમાં પણ સચ્ચોટ તાત્વિક ઉદબોધન કરવામાં આવેલ. શ્રી કોટડી સંઘના શ્રેષ્ઠીશ્રી તલકશી ભાઈ દ્વારા રમેશ લોડાયાનું સન્માન કરવામાં આવેલ. માનદમંત્રી દ્વારા પૂજયશ્રીઓને સુખ શાતા, સંઘ ભાઈ બહેનોને પ્રણામ કરી સન્માન બદલ, સામૈયા માટે અનુમોદના કરી ડોણ તરફ જવા સૂચન કરેલ.

**ડોણ** – રમણીય જિનાલયમાં દેવ-દર્શન, ચૈત્યવંદન વિધિ કરીને ઉપાશ્રયમાં બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી કૈવલયગુણાશ્રી મ.સા. આદિ ઠાણા ૩ ને ગુરૂવંદન, સાંવત્સરીક વંદન તથા માંગલિક શ્રાવણ. શ્રી સંઘ દ્વારા દાતા પરિવારના શ્રી નલિનભાઈ પીરનું બહુમાન કરવામાં આવેલ.

ડોણ સંઘનું આદર સત્કાર તથા બહુમાન માટે અનુમોદના કરી સર્વે ૭૨ જિનાલય તીર્થ તરફ પ્રયાણ કરેલ.

**૭૨ જિનાલય તીર્થ** – તીર્થમાં દેવદર્શન વંદનવિધિ કર્યા બાદ સાધ્વીજી ભગવંતોને ગુરૂવંદન તથા સાંવત્સરીક વંદન તેમજ ચા-પાણી, ભાતાનો લાભ લઇ ભુજ તરફ (વર્ધમાન નગર-ભુજોડી) પ્રયાણ...

**ભુજોડી** – ભુજ વર્ધમાન નગરે પહોંચતાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ને ગુરૂવંદન સાંવત્સરીક વંદન કરી માંગલિક અને પર્વ સબંધી પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ.

શ્રી મુંબઇ મહાજનના અધિકારીઓ દ્વારા મુખ્ય દાતા સંઘમાતા માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી-વરલી

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત પ.પૂ. આ. ભગવંતોને સાંવત્સરીક વંદન તથા કચ્છ જિનાલયોની ચૈત્યપરિપાટી

પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરવામાં આવેલ. અને એમના પરિવાર તરફથી કોઈ હાજર ન રહેતા તેમનો સન્માન એમને પહોંચાડવામાં આવશે. તથા સહાયક દાતા માતુશ્રી ભમલબાઈ પદમશી પૂંજા પીર, સુથરી-ડોંબિવલી પરિવારના ચાર ભાઈઓનું મહાજનશ્રીના અધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો દ્વારા તિલક, સાલ, તથા મોમેન્ટો તેમજ સંભારણાં રૂપે બેગ દ્વારા સન્માન કરવામાં આવેલ, તેમજ દાતા પરિવારની શ્રાવિકાઓનું તિલકથી સન્માન કરાયેલ. સંપૂર્ણ યાત્રા પ્રવાસ દરમ્યાન વિવિધ જિનાલયો ને જુહારી અને પરમાત્માને અષ્ટપ્રકારી પૂજા નો થાળ માતુશ્રી મંજુલાબેન શામજી ટોકરશી ખોના સુથરી પરિવાર તરફથી અર્પણ કરવામાં આવેલ. દાતા પરિવારના શ્રી વિજય કાનજી વિકમશી નો સન્માન મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રી કલ્પેશભાઈ માણેકજી મોતા દ્વારા કરવામાં આવેલ તથા ગીતાબેન વિજય વિકમશીનો સન્માન અ.સૌ. જાગૃતિ ખિરેશ પટેલ દ્વારા કરવામાં આવેલ.

માનદમંત્રી રમેશ લોડાયાએ સર્વે યાત્રિકોની ચૈત્ય પરિપાટી દરમ્યાન કોઈ પણ અગવડ થઈ હોય તો મહાજનશ્રી તરફથી ક્ષમા (મિચ્છામિ દુક્કડમ) માંગેલ. સર્વે યાત્રિકો તરફથી બહુજ સુંદર સહકાર મળ્યા બદલ અનુમોદના તથા આવા આયોજનો દાતાશ્રી પરિવારો તરફથી મળતા અનુદાન થકી જ સફળ થાય છે માટે બંને દાતા પરિવારોની ભૂરિ ભૂરિ અનુમોદના..

દરેક યાત્રિકને રૂા. ૧૦૦/- તથા યાત્રા સંભારણાં રૂપે આપેલ કાર્ડ મુજબ મહાજનશ્રીના કાર્યાલયમાંથી ટ્રાવેલીગ બેગ લઈ જવા વિનંતી. સર્વે કાર્યકર ભાઈ-બહેનોની જહેમતને બિરદાવવામાં આવેલ. કોઈ પણ ક્ષતિ બદલ અધિકારી તરીકે પોતાની જવાબદારી સ્વીકારેલ. મુંબઈ આવતાં સવારની નવકારશી માટે સુરતના આપણા ક.દ.ઓ.ભાઈઓએ સરસ વ્યવસ્થા કરેલ તે બદલ સર્વેને અભિનંદન તથા આભાર. **અહેવાલ શબ્દાંકન કરતાં ભૂલચૂક ક્ષમા.**

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

## ચુંટણી અંગેની જાહેરાત

મહાજનશ્રી દ્વારા વ્યવસ્થાપક સમિતિના ૪૪ સભ્યો, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ૧૧ ટ્રસ્ટીઓ અને શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ ઉપરના મહાજનશ્રી ના એક પ્રતિનિધિ ટ્રસ્ટીની **તા. ૦૧-૦૪-૨૦૨૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૫** સુધીના પાંચ વર્ષના સમય માટેની ચુંટણી **રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯**ના દિવસે રાખવામાં આવી છે.

૧. મહાજનશ્રીના વર્તમાન બંધારણ એવં તેના પરીશિષ્ટ ૫ અનુસાર ચુંટણી યોજાશે.
૨. ઉમેદવારી નોંધાવવાનું ઉમેદવારીપત્રક બુધવાર તા. ૦૬-૧૧-૨૦૧૯ થી ૨૫ રૂપિયાની કિમતે મહાજનશ્રી કાર્યાલયથી મળશે.
૩. ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી તા. ૨૧-૧૧-૨૦૧૯ વાર ગુરૂવાર.
૪. ઉમેદવારી પાછી ખેચવાની છેલ્લી તા. ૦૨-૧૨-૨૦૧૯ વાર સોમવાર.
૫. મહાજનશ્રીના સભ્યપત્રકમાં પોતાનું નામ નોંધાવવા તથા જરૂરી સુધારા - વધારા કરવા માટે શુક્રવાર તા. ૦૧-૧૧-૨૦૧૯ થી બુધવાર તા. ૨૦-૧૧-૨૦૧૯ મહાજનશ્રીના કાર્યાલયમાં સભ્યપત્રક ખુલ્લું રહેશે. ગુરૂવાર તા. ૨૧-૧૧-૨૦૧૯ થી ચુંટણી પુરી થયા સુધી સભ્યપત્રક બંધ રહેશે.
૬. મતદાન રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯
૭. મતદાન સમય : સવારના ૯ (નવ) થી સાંજના ૫ (પાંચ) સુધી રહેશે.
૮. મતદાન મથકો : મસ્જિદ બંદર (માંડવી), માટુંગા, ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ, ડોંબિવલી અને ગોરેગાવ એમ સાત મતદાન મથકો રાખવામાં આવશે.
૯. મહાજનશ્રી ના સભ્યો : જેણે શુક્રવાર તા. ૨૦-૧૨-૨૦૧૯ સુધી ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હશે તેમને મતદાન કરવાનો અધિકાર રહેશે.
૧૦. મહાજનશ્રીના કાર્યાલયનો સમય સવારના ૧૧ વાગ્યા થી સાંજના ૭ વાગ્યા સુધી.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ વતી**
**રમેશ હીરજી લોડાયા અને ચેતનકુમાર ખીમજી મોમાયા**
(માનદ મંત્રીઓ)

|| શ્રી આદિનાથાય નમઃ ||

# શ્રી જશાપર નગરે પર્યુષણ પર્વની ઉજવણી

પર્યુષણ પર્વ દરમ્યાન ધર્મ આરાધના કરાવવા તેમજ જીનવાણીનો શ્રવણ કરાવવા શ્રી આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની બહેનો **૧) અ.સૌ. હિરાવંતીબેન લહેરચંદ ધરમશી** (સુથરી), ૨) **રશ્મીબેન જેઠાલાલ દંડ** (ભરૂડીયા) પધાર્યા હતા. ગામવાસીઓ તથા નિયાણી બહેનો સારી સંખ્યામાં પધારેલ. રોજ સવારના ભક્તામર, સ્નાત્ર, વ્યાખ્યાન, સાંજે પ્રતિક્રમણ તથા રાત્રે ભક્તિ ભાવના.

પ્રથમ દિવસે શ્રી મહાકાળી માની ભાવના રાખેલ.

| | | |
|---|---|---|
| કલ્પસૂત્ર (પોથી) પધરાવનારનો લાભ | : | **માતુશ્રી મુરબાઈ ટોકરશી ધરમશી પરિવાર** |
| પારણું પધરાવનારનો લાભ | : | **અ.સૌ. ખુશ્બુ આશીષ સોમચંદ મોતા પરિવાર** |
| દ્વાર ઉદ્ઘાટનનો લાભ | : | **માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી ધરમશી પરિવાર** |
| બારસો સુત્ર વહોરાવવાનો લાભ | : | **શેઠશ્રી મણીલાલ ભવાનજી ધરમશી પરિવાર** |

પારણાનું જાગરણ : બપોરના ૩ થી ૫ રાખેલ. ભાવના પ્રસંગે તેરાથી તે.કુ.લા.ધુ. પખાવાજ મંડળે સારી રમઝટ જમાવેલ. સ્વપ્નનું ઘૃતમણ ૭૨૦૦૦ મણ થયેલ. આંગી રચના **અ.સૌ. અરૂણાબેન ગીરીષભાઈ ધરમશી** તથા આરાધક બેન **રશ્મીબેન દંડ** કરેલ.

સાધર્મિક ભક્તિ શ્રી મહાજનના નેજા હેઠળ રાખેલ. મુંબઈ, ગાંધીધામ તથા અમદાવાદથી ગામવાસીઓ સારી સંખ્યામાં પધારેલ.

## સાધારણ ખાતાના લાભાર્થી

| | |
|---|---|
| રૂા. ૧૩૦૦૧/- | **અ.સૌ. રમીલાબેન શાંતીલાલ છેડા** (અમાદાવાદ) |
| રૂા. ૧૧૦૦૦/- | **અ.સૌ. પિંકીબેન કમલેશ ધરમશી** (ભાંડુપ) |
| રૂા. ૧૧૦૦૦/- | **માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા** (જલગામ) |
| રૂા. ૧૧૦૦૦/- | **અ.સૌ. ઉષાબેન મોતીચંદ ધરમશી** (ચેમ્બુર) |
| રૂા. ૧૧૦૦૦/- | **માતુશ્રી મુરબાઈ ટોકરશી ધરમશી** (મુલુંડ) |
| રૂા. ૧૧૦૦૦/- | **શેઠશ્રી મણીલાલ ભવાનજી ધરમશી** (એરોલી) |
| રૂા. ૧૧૦૦૦/- | **શ્રી રવીલાલભાઈ ઠાકરશી સંગોઈ** (દાદર) |
| રૂા. ૫૫૦૦/- | **માતુશ્રી પ્રેમાબાઈ કુંવરજી મોતા** (ડોંબિવલી) |
| રૂા. ૫૦૦૦/- | **માતુશ્રી ચંપાબેન લખમશી ધરમશી** (મુલુંડ) |
| રૂા. ૫૦૦૦/- | **માતુશ્રી લક્ષ્મીબેન વેલજી ધરમશી** (ભાંડુપ) હસ્તે **કલ્પનાબેન શામજી દંડ** |
| રૂા. ૫૦૦૦/- | **અ.સૌ. રીટાબેન જેઠાલાલ ગડા** (મુંબઈ) |
| રૂા. ૫૦૦૦/- | **માતુશ્રી કુંવરબાઈ ગેલાભાઈ ધરમશી** (વડોદરા) |
| રૂા.૨૫૦૦/- | **માતુશ્રી સોનબાઈ રાયચંદ ધરમશી** (મુલુંડ) |
| રૂા. ૧૦૦૦/- | **શ્રી વીરચંદ ખીમજી ખોના** (અંબરનાથ) |
| રૂા. ૧૦૦૦/- | **શ્રી ધનજી ધામજી મોતા** (મીરા રોડ) |
| રૂા. ૧૦૦૦/- | **સ્વ. હંસાબેન મુલચંદ મોતા** (ડોંબિવલી) |

**પર્યુષણ પર્વ દરમ્યાન સુંદર સાથ સહકાર માટે સર્વેનો આભાર-આભાર-આભાર**



નાનો જશાપર ગામ અને ઓછી સંખ્યા છતાં આરાધના સુંદર રીતે થયેલ. સમગ્ર કાર્યમાં ક્યાં પણ ક્ષતી રહી ગયેલ હોય તો કે મન દુઃખ થયું હોય તો અંતઃકરણ પુર્વક **મિચ્છામિ દુક્કડમ્...**

**એજ લી. શ્રી ક.દ.ઓ. જશાપર મહાજન વતી**

**સોમચંદ મોતા**

# ઓસવાલોનો ઈતિહાસ - ઓસવાલોનું પ્રવાસન (સ્થળાંતર)

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

ગ્રહોની ચડતી અને પડતીનો ક્રમ જેમ માનવજાતિને લાગુ પડે છે તેમ ભૌગાલિક સ્થાનને પણ લાગુ પડે છે અને તેથી એક સમયનાં વિશાળ નગર/શહેર કે પ્રાંત આજે વેરાન થઈ ચુક્યા છે. માનવીય સ્થળાંતર બે પ્રકારનું હોઈ શકે - ૧) વ્યક્તિ કે પારિવારિક અને ૨) સામુહિક સ્થળાંતર. પ્રથમ પ્રકારનું સ્થળાંતર વધારે મહત્ત્વનું નથી કારણ કે તે મર્યાદિત સંખ્યામાં એકાદ પરિવારનું મર્યાદિત હોય છે પરંતુ એક સાથે સમુહમાં મોટી સંખ્યામાં જાતીય સ્થળાંતરનું ઐતિહાસિક મહત્ત્વ વધારે છે.

આવા સ્થળાંતરોના કારણો અનેક હોઈ શકે છે જેવા કે દૈવી શાપ (જે ઓસવાલો માટે કારણભૂત હોય એવું મનાય છે.) કુદરતી આફતો, રાજકીય કનડગત કે બદલાવ, પરદેશી આક્રમણ, ધર્માંતરનું દબાણ, ભૌગોલિક પરિસ્થિતિ, અર્થોપાર્જનાર્થે વિ.

ઓસવાલોનું સિંધ/થરપારકરમાંથી સ્થળાંતર એ રાજકીય કકનડગત અને ધર્માંતરનાં દબાણને કારણે છે. તો ઓસવાલોનું કચ્છ-હાલારથી પ્રવાસન દુષ્કાળ, ધરતીકંપ જેવી પરિસ્થિતિને કારણે છે. ભૌગોલિક કારણો જેવા કે વ્યવસાય માર્ગમાં ફેરફારથી પણ સ્થળાંતરો થયા છે. એક સમયે ખૈબરઘાટ - પંજાબ - રાજસ્થાન વણઝારાની પાઠો દ્વારા વ્યાપાર માર્ગ હતો અને ત્યારે આ માર્ગ પર ઓશિયા અને જેસરમેર અગત્યનાં કેન્દ્રો હતા. પરંતુ નદી માર્ગ વિકસતા આ સ્થળોએ મહત્ત્વ ગુમાવ્યું. સમય જતાં નદીનું વહેણ બદલાતા (સને ૧૮૧૯ના કચ્છના ભૂકંપથી સિંધૂ નદીનું વહેણ બદલ્યું)લખપત પડી ભાંગ્યું. અરબી સમુદ્રને મળતી સરસ્વતી નદીમાં જળમાર્ગે વ્યાપાર થતો હતો પરંતુ સરસ્વતી નદી કચ્છનાં રણમાં લુપ્ત થઈ જતા જળમાર્ગ બંધ થયો જેથી આ માર્ગ ઉપર આવેલા શહેરો પડી ભાંગ્યા. ભુસ્તરીય ફેરફારો, ભુકંપ આદિથી ઘણી જગ્યાએ જમીન ઊંચે આવી ગઈ અને જેથી દરિયો દૂર થઈ જતા ઘણાં બંદરો બંધ થઈ ગયા. કચ્છનું રણ સમુદ્ર દૂર થતા થયું છે. ૧૫મી સદી સુધી હરિયાળો પારકર પ્રદેશ આ કારણે ઉજ્જડ બન્યો છે. બ્રિટિશ શાસનમાં રેલ્વે આવવાથી ઘણાં માર્ગો બદલાયા છે. સીરસી, કુમઠા એક કાળે અગત્યનાં મથકો હતા. જલમાર્ગે મુંબઈ સાથે જોડાયેલા. હુબલી-ધારવાડ રેલ્વે થતાં હુબલી, ગદ્ગ જેવા નવાં શહેરો વિકસ્યા. સુરત-ભુસાવળ તાપ્તી રેલ્વે થતાં ભુજ, જલગામ, ધુલીયા, જેવા સ્થળોએ વ્યાપારી કેન્દ્રો તરીકે મહત્વ ગુમાવ્યું અને પરિણામે લોકોને આજિવિકાર્થે અન્યત્ર જવાની ફરજ પડી. તેવી જ રીતે અર્થોપાર્જન અર્થે પણ સ્થળાંતરો થયા છે. ક્ષત્રિયો તરીકે હતા ત્યારે સૈનિકપણાં દ્વારા અર્થ ઉપાર્જન કરતા હતા. જૈન બનતા અહિંસા માર્ગ અપનાવ્યો. અક્ષિત હતા તેથી ખેતી વ્યવસાય અપનાવ્યો. રાજસ્થાનનું પ્રતિકુળ હવામાન, વારંવાર પડતા દુષ્કાળ અને અન્ન તથા પાણીની અછતને કારણે જીવન નિર્વાહ મુશ્કેલ થયો. વળી સાતમી સદીથી જૈનાચાર્યોએ ખેતી એ હિંસામય વ્યવસાય છે એવું વારંવાર જણાવતા ઓસવાલોને ખેતી છોડી નોકરી કે વ્યવસાય તરફ પ્રેર્યા. પરંતુ વ્યવસાય, નોકરીની એટલી તકો નહોતા તેમને સ્થળાંતરની ફરજ પડી. આપણી જ્ઞાતિએ રૂના વ્યવસાયમાં ઝંપલાવ્યું અને આવી પેઢીઓમાં પોતાનાં સગાં વ્હાલા અને જ્ઞાતિજનો જ કામ કરતા હતા તેઓનો રૂઉ ઉત્પાદનનાં સ્થળોએ વસવાટ થયો. આ જ કારણસર હુબલી, ગદ્ગ, જલગામ, ધુલીયા, પારોલા, અમલનેર, ચાલીસગામ આદિ સ્થળોએ આપણો વસવાટ થયો છે.

ઓસવાલોનાં શરૂઆતનાં સ્થળાંતરો નજીકનાં રાજ્યમાં કે તેજ રાજ્યનાં નજીકના અન્ય વિભાગોમાં થયો છે. વાહન વ્યવહારનાં મર્યાદિત સાધનો અને જોખમી મુસાફરી ચોર-લુંટારાના ભયને લીધે તેમજ ભાષાની સમસ્યા, નિર્ભરતાને લીધે નજીકનાં વિસ્તારોમાં વસવાટ થયા. શરૂઆતમાં ઓશીયાજીનાં આજુબાજુના વિસ્તારો મંડોર, જાલોર, મેડતા, નાગોર, પાલી, સોજિત્રા, જૈતરણ, ફલોધી, ડીંડવાણા, બિકાનેર (જાંગડપ્રદેશ) આદિ વિસ્તારમાં ફેલાયા. થોડા સમય બાદ બાડમેર, મેવાડ, જેસલમેર, થરપારકર (થરપારકર એ સમયે મારવાડનો જ હિસ્સો હતો) માં ફેલાયા.

વિક્રમની ૧૦મી સદી સુધીનો કડીબધ્ધ ઈતિહાસ મળવો મુશ્કેલ છે. ૧૦મી સદી પહેલાના ઐતિહાસિક પ્રમાણપત્રો જેવા કે શીલાલેખો અને મૂર્તિલેખો બહુ થોડા મળે છે. પ્રાચિનકાળમાં શિલાલેખ, મૂર્તિલેખ ઓછા, કારણ વિક્રમની ૭મી સદી સુધી બ્રાહ્મીલિપિ જ પ્રચલિત હતી જેને જાણવાવાળા પંડિતો ઓછા, કાગળ ન હતો શોધાયો, ભોજપત્રમાં લખવું મુશ્કેલ તેથી સાહિત્ય ઓછું. પથ્થરમાં કંડારનારા પણ ઓછા હતા. આમ આદમીની ભાષા દેવનાગરી લિપિનો પ્રારંભ ૧૦મી સદીમાં થયો. જે થોડું હતું તે ધર્માધતા અને વિદેશી આક્રમણોને કારણે નષ્ટ પામ્યું. જે બચ્યું હતું તે બરાબર જાળવી ન શકાયું. સંતાડેલું સમયસર પુનરુધ્ધાર ન થતાં નષ્ટ થયું. શીલાલેખો / મૂર્તિઓનાં જીર્ણોદ્ધાર વખતે લેપ લગાડતી વખતે કાળજી ન રખાતા ઘણાં

લેખો લેપમાં ઢંકાઈ ગયા. આમ ઐતિહાસિક પ્રમાણિત લેખોના અભાવે, સાહિત્ય ઓછા હોવાના કારણે ઘણો બધો ઈતિહાસ અપ્રાપ્ય બન્યો. છતાં પટ્ટાવલીઓ, વહીવંચાઓની વહીઓ, વિહાર નોંધો, ચરિત્ર ગ્રંથો, સ્મૃતિ ગ્રંથો અને જૈન મુનિ દ્વારા હસ્તલિખિત ગ્રંથોમાંથી તુટક તુટક માહિતી ઓસવાલોની મળી રહે છે. શરૂઆતમાં વંશાવલી અને ગોત્ર નોંધ જૈન યતિ/આચાર્યો રાખતા જેથી ઘણી વિગતો શ્રેષ્ઠીનાં નામ, કાર્યો, ગોત્ર, વસવાટ આદિની નોંધાય છે. ઓસવાલોનો દૂર દૂર વસવાટ થતાં આવી નોંધો આચાર્યો/યતિઓને રાખવું મુશ્કેલ થયું અને ઈતિહાસ અકબંધ ન રહી શક્યો. યતિઓ માટે વંશાવલી રાખવાનું મુશ્કેલ બનતા આ કામ ૨૦૦ થી ૨૫૦ વરસ પહેલા બારોટ/વહીવંચાઓને સોંપાયું. પરંતુ તેઓ પણ શિથિલ થતા અને દરેક સ્થળે પહોંચી ન શકતા તેમજ ઘણા ઓસવાલોએ પ્રોત્સાહન આપવાનું બંધ કરતા સૌ એક વરસથી વહીવંચાની નોંધો પણ અપૂર્ણ છે. છતાં આપણાં વડિલોએ દૂરદર્શી વાપરી, નબળી સ્થિતિ હોવા છતાં અને વહીવંચાને પુરતા લાગા આપવા સક્ષમ ન હોવા છતાં માહિતી રેકૉર્ડ કરાવતા રહ્યા એટલે આ વહીવંચામાં વંશાવલી, ગોત્ર, સ્થળાંતર, લગ્ન, મરણ, કરેલ સત્કાર્યોની નોંધો મળી રહે છે. અગાઉ ગામડામાં જન્મ નોંધો ન નોંધાતી હતી ત્યારે ઘણાં જૂના વારસાઈ કેસોમાં કોર્ટે વહીવંચાની વહીઓમાં નોંધાયેલા નામોને વારસદાર તરીકે માન્ય રાખવાના દાખલા નોંધાયા છે. અગાઉ શરૂઆતનું જ્ઞાન કંઠ સ્વરૂપે હતું અને ગુરૂ/વંશ પરંપરાએ આ જ્ઞાન શિષ્ય/સંતાનોને મળતું રહેતું. સેંકડો વરસો સુધી આવું ચાલતું રહ્યું. જ્યારે સ્મરણ શક્તિમાં મંદતા આવી ત્યારે પુસ્તકારૂઢ થયું તેથી ૧૦મી સદી પહેલાનું સાહિત્ય ઓછું મળે છે.

પટ્ટાવલી, ચરિત્રગ્રંથો, સ્મૃતિગ્રંથો, જૈન પ્રાચિન ગ્રંથોમાં ઓસવાલનાં શ્રેષ્ઠીઓ, ગોત્રો, વસવાટ આદિ વિગતો મળે છે. સંઘયાત્રાનાં વર્ણનો પણ ઓસવાલોનાં વસવાટનાં સ્થળો પર પ્રકાશ ફેંકે છે. ઘણાં ચરિત્ર રાસોમાં સંઘપતિએ કયા કયા સ્થળે લ્હાણી મોકલાવી તે પરથી પોતાની જ્ઞાતિનાં લોકો કયા કયા ગામે હતા તે જાણી શકાય છે. ઓસવાલનાં આચાર્યો તથા શ્રમણ-શ્રમણીઓ ચોક્કસ વિસ્તારમાં જ્યાં એમના ગચ્છનાં શ્રાવકો વસતા હોય એવા સ્થળોએ નિયમિત પગપાળા વિચરતા અને આવા વિહારોમાં શ્રાવકો પણ નિયમિત સાથે રહેતા. રાત્રિ વિશ્રામ જ્યાં એમના શ્રાવકો હોય ત્યાં મોટે ભાગે વસતીમાં થતા. જૈન સંતો અને શ્રાવકોનાં આત્મીય સંબંધોને કારણે સંતો દ્વારા નિર્માણ પામેલા સાહિત્યમાં શ્રાવકોના ઉલ્લેખ, એમનાં કાર્યો, ગોત્ર, વંશાવલી, રહેઠાણનાં સ્થળોની વિગતો જોવા મળે છે. મોટા ભાગનાં આવા વિહારો મારવાડ કે ચિત્તોડ પ્રદેશમાંથી થતાં અને ગુજરાત, સિંધ, મુલતાન, પંજાબમાં પૂર્ણ થતા. સંતો ચાતુર્માસ ત્યાં કરતાં જ્યાં એમના અનુયાયીઓ હોય. આ સંતો ધર્મવાહક કે ધાર્મિક કાર્યકરો હતા જેઓએ અનેક ગ્રંથોમાં ચાતુર્માસ માટે આમંત્રણ આપનારા શ્રેષ્ઠીઓ, ધાર્મિક કાર્યોમા ધન વાપરનારાઓ, સંઘો કાઢનારાઓ, જિનાલય બાંધનારાઓની વિગતોનો ઉલ્લેખ કરતા. વળી જે તે સ્થળોનાં પ્રાચિન મંદિરો એ વાતનાં સૂચક છે કે ત્યાં તે ધર્મને માનનારાઓના વસવાટ હતા. જો પ્રાચિન જૈન મંદિરો, એ વખતનાં આચાર્યોનાં વિહાર સ્થાનો અને માર્ગો અને ચાતુર્માસ સ્થાનોને નક્શા ઉપર મુકીએ તો જાણી શકાય કે વધારે કયા સ્થળોએ ગચ્છાચાર્યો વિચર્યા છે અને આ વિસ્તારને એમનાં ગચ્છનાં શ્રાવકોનો ચોક્કસપણે માની શકાય. આવા અભ્યાસ પરથી જાણી શકાય છે કે મારવાડ ઉપરાંત મેવાડ, અવન્તી (MP), પંજાબ, સિંધ, થરપારકર, ગુજરાત, કચ્છ આદિ ઓસવાલોના વસવાટનાં પ્રમુખ વિસ્તાર કહી શકાય. વળી આ મહાત્માઓએ પોતાનાં વિચરણ વિસ્તારમાં અનેક અજૈનોને જૈન બનાવી ઓસવાલ જ્ઞાતિમાં ભેળવી તેની વૃધ્ધી કરેલ છે. આ વિસ્તાર સિવાય ગુજરાત, યૂ.પી., મધ્યપ્રાંત, બિહાર, બંગાલમાં પણ તીર્થો છે ત્યાં પણ ઓસવાલો અવશ્ય વસ્યા હશે.

ગુજરાતમાં જૈનોના મુખ્ય સ્થાનો શેત્રુંજય અને ગિરનાર આવેલા છે અને આ સ્થાને નિયમિત સંઘો નિકળતા રહ્યા છે. આવા સંઘોના રૂટો સામાન્ય રીતે જે તે જાતિનાં લોકોનો વસવાટ હોય એ માર્ગેથી નીકળતા જેથી આ માર્ગ અને તેની આજુબાજુનાં વિસ્તારમાં રહેતા એમના સાધર્મિક બંધુઓ તેમાં જોડાઈ શકે. વળી આ વિસ્તારની જાણકારી મેળવી. વ્યવસાયની તક જણાતા સંઘનાં શ્રાવકો ધંધાર્થે ત્યાં વસ્યા છે. આવા શ્રેષ્ઠીઓની ચરિત્ર કથાઓમાં નિયમિત પોતાના કુળદેવી સ્થાને ઓશિયાજી જતા એવા ઉલ્લેખ મળે છે જે પરથી તેઓ ઓસવાલો હતા તે જાણી શકાય છે. ઈતિહાસની નોંધ પરથી જાણી શકાય છે કે મારવાડમાંથી કોઈ એક જાતિનું વિશાળ પ્રમાણમાં પ્રવાસન થયું હોય તો તે ઓસવાલ છે. ઓસવાલોનાં ચોક્કસ સ્થાનનાં વસવાટની વિગતો જે પ્રાચિન ગ્રંથોમાં જોવા મળે છે જોઈશું આવતા અંકે.

**- ક્રમશઃ**


## યુવક જોઈએ છે.

મુંબઇ સ્થિત રંગ ગોરો, ઉંચાઇ - 5'.2", જન્મ - ૧૯૯૦, પોસ્ટ ગ્રેજ્યુએટ કન્યા માટે મુંબઇમાં વસતા યુવકના વડીલો સંપર્ક કરે. **સંપર્ક : 83695 29774**

## સગપણ એક સમસ્યા




આપણા સમાજમાં પહેલાના સમયમાં સંયુક્ત કુટુંબની પ્રથા હતી ત્યાંસુધી છોકરા-છોકરીના રીપોર્ટ તરતજ મળી જતા હતા. હાલમાં જ્યારથી વિભક્ત કુટુંબ થતા ગયા ત્યારથી છોકરા યા છોકરીના રીપોર્ટ શું ભણી રહ્યા છે કે નોકરી કરી રહેલ છે તે જાણવા કુટુંબના અલગ રહેતા તેમને પુછો તો પણ મુશ્કેલી પડે છે. અગર જવાબ મળે તે પણ કહેશે પુરી ખબર નથી. યા વયમાં પડવા તૈયાર હોના નથી.

આજનું ભણતરમાં છોકરાઓનું ભણતર ઓછું હોય છે તેમજ છોકરીઓનું ભણતર વધારે હોય છે તેથી તેઓ પોતાના સરખા યા વધારે ભણતર વાળા છોકારાઓ પસંદ કરે છે. તે આપણી જ્ઞાતિ માંથી મળવા મુશ્કેલ હોય છે. હોય તો તે છોકરીઓને બંધન જેવું લાગે છે તેથી બહારની જ્ઞાતિ પછી નીચ જ્ઞાતિ પણ પસંદ કરે છે. બીજું જ્યાં પણ જે કોલેજમાં ભણતી હોય કે નોકરી કરતી હોય ત્યાંજ મેળ જમાવી લેવી હોય છે પછી જ્ઞાતિને જોતી નથી.

બીજું છોકરીઓના મોજશોખ એટલા વધી ગયા છે જે તે પુરા કરવા કોલેજના છોકરાંઓ યા છોકરીઓ જ્યાં નોકરી કરતી ત્યાં તે સાથે ભણતા બીજા ક્લાસના યા નોકરી કરતા એમના મોજ શોખ પુરા પાડે છે તેથી તેમને વધારે પસંદ કરે છે. તેમની સાથે ભણનારને ખરચા માટે પૈસા પુરતાજ મળતા હોય છે પણ ગામમાંથી ચોરીઓ કરી મોજશોખ કરાવતા હોય છે. ચોરીઓ કરી પકડાઇ જાય ત્યારેજ પરિસ્થિતિની ખબર પડે છે. આપણી જ્ઞાતિમાં ભણેલ હોય છે તે તેમને પસંદ હોતા નથી. બીજું આપણી જ્ઞાતિ હોય કે બીજી જ્ઞાતિ હોય તે છોકરી ૨૦/૨૨ વરસની થાય ત્યાંસુધી આપણું માનતી હોય છે પછી આપણું લગભગ ચાલતું નથી. પોતાનું ધાર્યું કરતી હોય છે તે પોતાની મેળે કોર્ટ મેરેજ કરી લે છે અગર તમને જણાવશે કોર્ટમાં નામ લખાવી દીધેલ છે. તમને ન છુટકે સહી કરવી પડે છે યા ના કહો તો પણ પોતાનું ધાર્યું કરશે જ.

આપણી જ્ઞાતિની મુંબઇની છોકરીઓ સગપણ થયાને ૬/૭ મહીના પછી લગ્નની તૈયારી પત્રીકા છપાયા પછી કહે છે કે તમે મુંબઇ રહેવા આવો તો લગ્ન તમારા સાથે કરીશ નહિતર કેન્સલ સમજી લેશો. છોકરા શું પોતાની વાડી બંગલા વેંચી શું મુંબઇ નાના ફ્લેટોમાં આવશે. છોકરાઓનું તો થઇ જાય છે, છોકરાઓનું સગપણ થવું મુશ્કેલ થઇ જાય છે. તે જાણવા લખેલ છે. આપણી જ્ઞાતિમાં આંતર જ્ઞાતિય સગપણ વધી ગયા છે આવુંજ રહેશે તો આપણી જ્ઞાતિ ૧૫/૨૦ વરસમાં ઘટી જશે.

– **મેઘજી ભાણજી શાહ**, નાગપુર, મો. 7588744333


૪૨ વર્ષથી ઘર ઘરમાં ગુંજતા ત્રિશલા નિર્મીત જૈન સ્તવનો નું કાંરવા

TRISHLA

ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ પ્રસ્તુત કરે છે

ભક્તિ ગુંજન

રિચાર્જેબલ, પોર્ટેબલ જૈન સ્તવન મ્યુઝીક પ્લેયર

મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો

૧૦૦૦ થી અધીક જૈન સંગ્રહ

૧૩૫ કલાક નો ખજાનો

૧૬GB મેમરી કાર્ડ



શ્રી ભક્તામર સ્તોત્ર • રત્નાકર પચ્ચીસી • અરિહંત વંદનાવલી
ભાવના ગીત સંગ્રહ • અમી ઝરણા- જૈન સ્તવનો • સ્તુતિઓ
શાંતિલાલ શાહ: જૈન સ્તવનો, કથાગીતો, પૂજા સંગ્રહ • નવસ્મરણ
પ્રતિક્રમણ - રાઈ, દેવસી, સવંત્સરી • સજ્ઝાય • ધૂન - મંત્ર
આનંદઘન ચોવીસી • પુણ્યપ્રકાશનું સ્તવન • પ્રાર્થના ગીત સંગ્રહ
શ્રી જયંતભાઈ રાહી - નવકાર જાપ • દિવાળી ચોપડા પૂજન

સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો

પ્રભાવના માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

**TRISHLA ELECTRONICS - 98200 59899**
**સંપર્ક: શાંતિલાલ ગોસર ❖ ફોન: ૯૮૨૦૦ ૫૯૮૯૯**

Buy Online : www.trishlaelectronics.com • કુરીયર દ્વારા હોમ ડિલીવરી


### નમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાએ કે.ડી.ઓ. મહાજનો તથા ટ્રસ્ટો દ્વારા ભારતભરમાં માલિકીયત ધરાવતી મિલકતોની યાદી બનાવવા નિર્ધાર્યું છે. આપણી જ્ઞાતિના વિવિધ મહાજનો ટ્રસ્ટોની આર્થિક મજબૂતી જાણવા આ બાબત ઉપયોગી બની રહેશે. તદ્ઉપરાંત આ મિલકતોની સુધારણા તથા સદ્ઉપયોગ માટેના સૂચનો પણ જ્ઞાતિજનો પાસેથી મળી રહેશે.

આ માટે જ્ઞાતિના તમામ ટ્રસ્ટો અને મહાજનોને વિનંતી છે કે આ અંગેની માહિતી ઇમેઇલ kdoprakash@gmail.com ઉપર અથવા **C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Madhu Entertainment & Media Ltd., A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate, Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. ઉપર પત્ર દ્વારા મોકલી આપે.

**– તંત્રી મંડળ**

શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥ શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હુજૂર ॥

॥ જય જય શ્રી અનંતનાથ ॥ ॥ જય જય મહાકાલી માતા ॥

# શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫.
ફોન નં. ૦૯૯૬૯૧ ૮૪૩૭૭

**આભાર** **અનુમોદના** **ક્ષમાપના**

## શ્રી મહાકાલી માતાજીની સમુહ આરાધના પૂજન પહેડી ભક્તિ ઉત્સવ

શ્રી મહાકાલી માતાજીની સમુહ આરાધના પૂજન પહેડી ભક્તિ ઉત્સવ ૧ થી ૨૫ રજત સમય સુધીના દિલેર દાતાઓ, સહયોગી શુભેચ્છકો, ગુરૂભક્તો ભાવિકો, મુંબઇ પરા બહારગામના ભાગ્યશાળી લાભાર્થી આપ સૌની હાજરી ઉદારતા સહકાર માટે અનુમોદના. આપ બધાની શુભ ભાવના, ગચ્છના દેવી પ્રત્યેની શ્રધ્ધા ઉત્સવને મહાઉત્સવ દિપાવવા માટે સૌનો આભાર. રજત વરસ સુધી તન-મન-ધનથી સહયોગ આપનાર નામી અનામી અને મુક સેવકો, સ્વયંસેવકો, અનંતનાથજી ટ્રસ્ટ, તેનો સ્ટાફ સંગીતકાર, દાતાઓ ગુરૂભક્તો, ભાવિકો, મંદિરની તીથી **અખંડજ્યોત એક હજાર સર્વસાધારણ તીથી બે હજાર પાંચસો** લાભ લઇ મંદિરના મહાકાર્યમાં પુણ્ય ઉપાર્જન કરવા ભલામણ. રજત ભક્તિ ઉત્સવ પહેડી માટે મા ના દર્શન વંદન પૂજન ભક્તિ સંગીત પ્રસાદમાં હાજરી આપતા સૌની નતમસ્તકે વંદના. રજત સુધીના વરસો વરસમાં વિશાળ હાજરી આપના થકી પ્રસંગની શાન રહી. ગચ્છનો ગૌરવ આપનાર સૌને ખૂબ ખૂબ આશીર્વાદ. પ્રસંગમાં આપ કોઇ ભાવિકને અસુવિધા થયેલ હોય તો ક્ષમાપના. અંતરથી અનુમોદના-આભાર.

**શુભેચ્છક :-**

**યતિ મોતીસાગરજીશ્રીજી મહારાજ, ટ્રસ્ટ મંદિર થી જય માતાજી**


*With Best Compliments from*

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442

CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com

ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?**
**કુરઆનમાં તો કયાંય પયંબરની સહી નથી.**

**-જલન માતરી.**

શ્રી જલન માતરી ગુજરાતનાં ખ્યાતનામ શાયર. ઉપરોક્ત શૅર ઉપર પ્રચંડ તાળીઓથી મુશાયરામાં નવાજાતા હતાં. પણ એમાંનું અર્થવિશ્વ અશેષ રીતે કેટલાને હાથવગું થયું હશે...?

કોઈપણ ધર્મ પુસ્તક આખા મનુષ્ય સમાજને તર્કાતીત બનાવે છે. પણ જ્યાં શ્રદ્ધા છે ત્યાં તર્કનું જટિલ જાળું બાઝતું નથી. ઘણી વખત આપણી શ્રદ્ધા, અંધશ્રદ્ધામાં પલ્ટાઈ જાય છે અથવા સામાજીક-ધાર્મિક રીતરિવાજો એને પલ્ટાવી નાખે છે. આવા વખતે સર્તક રહેવાની જરૂર છે. એક કવિતા યાદ આવે છે

*''શ્રદ્ધાનાં દિવડાને જલતો જ રાખજે,*
*નીશ દિન સ્નેહ કેરું તેલ એમાં નાંખજે;*
*મનને મંદિરે જોજે અંધકાર થાય ના...*
*ઝાંખો ઝાંખો દિવો મારો જોજે બુઝાય ના..''*

તો ચાલો સંપૂર્ણ શ્રદ્ધા સાથે શ્રી નવકાર મહામંત્રને સમજીએ.

જૈન ધર્મનો સરળ પણ ગહન અર્થવાળો કોઈ મંત્ર હોય તો તે છે પંચ પરમેષ્ઠિને નમસ્કાર અથવા નવકાર મંત્ર. ભગવાન મહાવીરથી માંડીને રચાયેલા આજ સુધીના વિપુલ સાહિત્યમાં નવકાર મહામંત્રનો અચિંત્ય અને અપાર મહિમા ઠેક ઠેકાણે વર્ણવેલો છે. જૈનોના જુદા-જુદા વિભાગોમાં કે ગચ્છોમાં આ મંત્રનો મહિમા સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે. આ મંત્ર જૈનોમાં ઘેર ઘેર પ્રસિદ્ધ છે. જૈન ધર્મનું કાંઈપણ શાસ્ત્રીય જ્ઞાન ન ધરાવતો હોય તેવા પણ પ્રત્યેક જૈનને ઓછામાં ઓછું નવકાર મંત્ર તો કંઠસ્થ હોય છે.

(સૌજન્ય : વિધ્ધવર્ય પૂ. મુનિશ્રી જંબુવિજયજી મ.સા.)

પણ નવકાર મંત્ર શું છે ? તેના પદોનાં અર્થ શું છે ? આ મંત્રનું બંધારણ શું છે ? આ મંત્રનો આટલો બધો મહિમા શું કામ છે ? આ મંત્રનો જાપ કરવાથી શું સાચે જ કષ્ટો, દુઃખોને નિવારી શકાય.

આ મંત્ર પ્રતિક્રમણની કોઈપણ પુસ્તકમાં મળી રહેશે તેથી આ મંત્રનું અહીં ફરીથી અવતરણ કરતો નથી. પણ આ મંત્રની મહિમા કરતું એક કાવ્ય ગીત જે પણ પ્રસિદ્ધ છે તે ઉતારવાનો લોભ જતો કરી શકતો નથી. આ ગીત કાવ્ય નાનપણમાં મારા માતૃશ્રીનાં (ફક્ત ધોરણ-૨ ઉર્ત્તીણ) મુખેથી સાંભળતો આવ્યો છું-

### નવકાર મંત્રનો મહિમા

**સમરો મંત્ર બડો નવકાર, એ છે ચૌદ પૂરવાનો સાર;**
**એહના મહિમાનો નહિ પાર, એના અર્થ અનંત અપાર.**
**સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસને રાત;**
**જીવતાં સમરો મરતાં સમરો, સમરો સૌ સંગાત.**
**યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક;**
**દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક.**
**અડસઠ અક્ષર એહના જાણો, અડસઠ તીરથ સાર;**
**આઠ સંપદાથી પરમાણો, અષ્ટ સિદ્ધિ દાતાર.**
**નવપદ એહના નવનિધિ આપે, ભવભવનાં દુઃખ કાપે;**
**''વીર'' વચનથી હૃદય સ્થાપે, પરમાતમ પદ આપે.**

નવકાર મંત્રની રચના એના પદો વિશે વધુ ચર્ચા કરીએ તે પહેલા આજથી પંદર-સોળ વર્ષ પૂર્વના કચ્છમાં વસવાટ દરમ્યાન ઘણી સાહિત્ય સભાઓ, મુશાયરાઓમાં **શ્રી જયંતી જોષી (શબાબ)**ને સાંભળવાનો અલભ્ય લાભ મળ્યો છે. એ વાત અહીં મુકવાનું મન થાય છે. તેમના મુખે પ્રવચન પૂર્વ શ્રી સરસ્વતી મંત્ર અને ત્યાર બાદ શ્રી નવકાર મંત્ર સાંભળતા નવાઈ પામતો. મિત્રાચારે એક દિવસ સવાલ પુછાઈ જ ગયો- *''સાહેબ ! અઈં ત બ્રાહ્મણ અયો અને નવકાર જો પઠન !!!''* જવાબ મળ્યો- *''સોમ ભાઈ, હી હિકડો જ એડો મંત્ર આય જેમેં વ્યક્તિજી પૂજા નાય, પણ ઈનીજે ગુણેકે નમન કરી સર્વ વિશ્વજો મંગલ ઈચ્છેમેં આયો આય. હિ ગાલ બહુ મહાન નાય !''*

### નવકાર મંત્રની રચના

| | | |
|---|---|---|
| નમો અરિહંતાણં | - | અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. |
| નમો સિદ્ધાણં | - | સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ. |
| નમો આયરિયાણં | - | આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ. |
| નમો ઉવજ્ઝાયાણં | - | ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ. |
| નમો લોએ સવ્વસાહૂણં | - | લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ. |
| એસો પંચનમુક્કારો | - | આ પંચને કરેલો નમસ્કાર. |
| સવ્વપાવપ્પણાસણો | - | સર્વ પાપોનો નાશક છે. |
| મંગલાણંય સવ્વેસિં | - | અને સર્વ મંગલોમાં |
| પઢમં હવઈ મંગલં | - | પ્રથમ મંગલ છે. |

નવકારના મુખ્ય ૯ પદ છે. સંપદા ૮ છે. કુલ્લ અક્ષર ૬૮, ગુરૂ અક્ષર ૭ અને લઘુ અક્ષર ૬૧ છે.

જોડાક્ષર ગુરૂ અક્ષર ગણાય અને બાકીના લઘુ અક્ષર ગણાય. સંપદા એટલે વિશ્રાન્તિ સ્થાન.

હેમચંદ્રસૂરિજી મહારાજે માલા (અપરનામ પુષ્પમાલા)માં કહ્યું છે કે નવકાર દુઃખને હરે છે. આ લોક અને પરલોકના સઘળા સુખોનું મૂળ નવકાર છે. શ્રીમદ્ યશોવિજયજી મહારાજે પંચપરમેષ્ઠિ ગીતામાં કહ્યું છે- *''આ જગતમાં નમસ્કાર જેવો અન્ય કોઈ મંત્ર નથી. યંત્રો, વિદ્યા, ઔષધિ ચમતકારિક ગણાય છે, પરંતુ તે નમસ્કાર મંત્રની સરખામણીમાં કંઈ નથી.''*

નવકાર એવો મહારત્ન છે કે તે ચિંતામણિથી વિશેષ, કલ્પતરૂથી અધિક કેમ કે નવકાર તો સ્વર્ગ સુખ આપે છે.

નમસ્કાર મંત્ર એ કલ્યાણ કલ્પતરૂનું અવંધ્ય બીજ છે. સંસારરૂપી હિમગિરિના શિખરોને ઓગાળવા માટે પ્રચંડ સૂર્યતુલ્ય છે. પાપભુજંગોને વશ કરવા માટે ગરૂડ પક્ષી છે. દરિદ્રતાના કંદને ઉખેડી નાખવા માટે વરાહની દાઢા છે. સમ્યકત્વ રત્નને પ્રથમ ઉત્પન્ન થવા માટે રોહણાચલની ધરતી છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કહ્યું છે- *નમસ્કાર પિતા છે, માતા છે, ભાઈ છે, મિત્ર છે.*

-(સૌજન્ય : નવકાર સાધના)

નવકારનો મહિમા તાદશ્ય જોવા તમારે કચ્છ ગોધરાના **સર્વ ધર્મ સમભાવ** પ્રદર્શનમાં આવવું પડશે. ક્યારે આવો છો...?

## શ્રી જશાપર મહાજનની મીટીંગ

તા. ૨૭-૯-૨૦૧૯

ઉપરોક્ત સંસ્થાની સામાન્ય સભા તા. ૨૦-૧૦-૨૦૧૯ વાર રવિવારના સમય ૩.૩૦ થી ૮.૦૦ દરમ્યાન રહેશે.

**સ્થળ : લાયન્સ સ્પોર્ટસ ક્લબ**

વી.પી. રોડ, એસ.એમ.પી.આર. સ્કુલની પાસે,
મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

**મુખ્ય એજન્ડા :**

૧) ગત સભાની નોંધ વાંચી બહાલીની મંજુરી.
૨) વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઓડીટ થયેલ હિસાબ રજુ કરવા.
૩) સ્થાનિકે લાઇટ માટેની વ્યવસ્થાની ચર્ચા વિચારણા.
૪) સરસ્વતી સન્માન તથા તપસ્વી બહુમાન.
૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે કંઇ રજુઆત.

**ખાસ નોંધ : ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.**

**લી. શ્રી ક.દ.ઓ. જશાપર મહાજન**

**ગૌતમભાઇ – 96046 53666**
**હીરેનભાઇ – 98196 55254**

## નોકરી ખાલી છે :

બાયઠ ગામમાં મહાવીર સ્વામીજી જિનાલય માટે પૂજારી અને ભોજનાલય માટે રસોઇયણની જરૂરત છે. (જ્ઞાતિજનને પ્રથમ પસંદગી). જોડી આવકાર્ય છે.

રહેવા માટેની વ્યવસ્થા થઇ શકશે.

પગારની અપેક્ષા સાથે સ્વહસ્ત લેખીત અરજી મોકલો.

**-: સરનામું :-**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

**C/o. ટી.એમ. ગોસર એન્ડ કંપની**
**૧૨, શિવાજી ફોર્ટ સોસાયટી, તળાવ પાસે,**
**એન.એસ. મંકીકર માર્ગ, (ડંકન કૉઝવે રોડ),**
**સાયન (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૨૨.**
**98200 27336 / 98695 24949 / 99300 08339**

## ! ચલો બુલાવા આયા હૈ "શ્રી સચ્ચાઈ માતાજી" ને બુલાયા હૈ !

કચ્છ ગામ વરાડીયા મધ્યે બિરાજમાન દંડ પરીવારના કુળદેવી '**શ્રી સચ્ચાઈ માતાજી**'ની નૂતન મંદિરમાં થયેલ પ્રતિષ્ઠાની "**પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે પ્રથમ ધ્વજા મહોત્સવ**" યોજાશે, મહા વદ છઠ **શુક્રવાર તા. ૧૪/૦૨/૨૦૨૦ના સવારે ૧૦ કલાકે.**

આ પ્રસંગે સહુ ભાવિકો અને નિયાણી બહેનોને સહપરિવાર વરાડિયા પધારવા ભાવભર્યું નિમંત્રણ છે.

ઉપરોક્ત પ્રસંગને યાદગાર બનાવવા સંદર્ભે આપણે એક મીટીંગ યોજી છે. **રવિવાર તા. ૨૦/૧૦/૨૦૧૯** બપોરના ૩ થી ૫ વાગ્યા સુધી.

**સારસ્વત વાડી, મુલુંડ (વેસ્ટ).**

સર્વે ભાવિકોને પધારવા નમ્ર વિનંતી.

**ખાસ નોંધ :** દરેક ભાવિક પરીવારમાંથી એક વ્યક્તિની હાજરી જરૂરી.

**સંપર્ક :** **અશોકભાઈ – 98211 44324**
**કુમારભાઈ – 99209 35414**
**જયેશભાઈ – 93246 44945**

## ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

**વાર્ષિક સામાન્ય સભા બપોરના ૩ થી ૪.૩૦ કલાકે**

**બાયઠવાસી ક.દ.ઓ. અને ક.વી.ઓ. પરિવારો તથા નિયાણી બહેનોના પરિવારો જોગ**

**સ્નેહમિલન**

માનનીય સભ્યશ્રીઓ અને નિયાણી બહેનો, જય જિનેન્દ્ર !

**તા. ૧૩-૧૦-૨૦૧૯ના આઇરીશ હૉલ, ગોપુરમ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦**માં વાર્ષિક સામાન્ય સભા પૂર્ણ થયા બાદ બંને જૈન સમાજો (ક.દ.ઓ. તથા ક.વી.ઓ.)નું સ્નેહમીલન **સાંજના ૫.૩૦ થી ૯.૩૦** દરમ્યાન યોજવામાં આવેલ છે. જેમાં **મહાવીર સ્વામીજી જિનાલયની ૬૯મી વર્ષગાંઠે ધ્વજા મહોત્સવ તા. ૪-૨-૨૦૨૦**ના છે. જે નીમીત્તે બે દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેની ઉછામણીઓ આ સ્નેહમિલનમાં બોલાવવામાં આવશે.

તો તે પ્રસંગે બાયઠના ક.દ.ઓ. અને ક.વી.ઓ. પરિવારો તથા બંને સમાજની નિયાણી બહેનોના પરિવારોને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા હર્ષ અનુભવીએ છીએ.

ચૌવિહાર તથા સાધર્મિક ભક્તિનું આયોજન કરવામાં આવેલ છે. તો આપ સૌ સમયસર પધારશોજી.

એજ લી. આપનો ભવદીય,
પ્રમુખશ્રી **ઠાકરશી મેઘજી ગોસર**ના જય જિનેન્દ્ર !

## કુંડલીની રામાયણ

સગપણની વાત આવે એટલે પહેલી માંગણી કુંડલીની થાય બન્નેની કુંડલી લઇ પહેલા જ્યોતિષ પાસે પહોંચી જાય. બન્નેની કુંડલી મળતી હોય તો જ વાત આગળ વધે એમાં પણ ૧૯% ૨૫% એવું બધું ચાલ્યા કરે એમાં પણ ૩૬% મળે તો બહુ સારૂં કહેવાય ખરૂં ને ?

કુંડલી શાના ઉપરથી બને ? બાળકનો જન્મ થાય ત્યારે એના ટાઇમની નોંધ થાય એના પરથી કુંડલી તૈયાર થાય ખરૂં ને ?

સમજો કે બાળક, જે હોસ્પિટલમાં જન્મયો હોય અને કાંઇક કારણસર હોસ્પિટલના ઘડીયાલમાં કાંઇ ખામી હોય તો ? તમે ડૉક્ટરને ટાઇમ પૂછ્યો અને એ જે ટાઇમ બતાવશે એની નોંધ લેશો. ગ્રહો તો એક એક મિનિટમાં બદલી શકે છે તો આપે ડૉક્ટરે બતાવેલ ટાઇમ પર કુંડલી બનાવી તે એકદમ બરોબર હશે એમ કેમ કેમ કહી શકો ?




હું તમને ઘણાં દાખલાઓ બતાવી શકું. જેમણે કુંડલી મેળવીને લગ્ન કર્યા હોય છતાં બન્નમાં મેળ ન હોય, અરે ! છૂટાછેડા પણ થઇ જાય. હા, જો કુંડલીમાં મંગળ કે શનિ હોય તો જોવું પડે. અમારો જ દાખલો આપું કે અમારા પ્રેમલગ્ન થયા છે. અમે કુંડલી મેળવી નહોતી છતાં આજે લગ્નને ૫૪ વર્ષ થવા આવ્યા છે, અમારો સંસાર સુખી છે.

હું એમ નથી કહેવા માંગતી કે કુંડલી મેળવવી ન જોઇએ, પરંતુ જો સામે વ્યક્તિ બરાબર હોય, ખાનદાની ઘર હોય તો કુંડલી મેળવવાની માથાકૂટમાં ન પડતા સગાઇ કરી લેવી જોઇએ, બાકી બધાનાં પોત પોતાના નસીબ કે કર્મ તો સાથે જ હોય.

ક્યારેક ક્યારેક જ્યોતિષમાં પણ આપણે એટલો વિશ્વાસ કરીએ કે જે આપણને ભારે પડે. મને કોઇ જ્યોતિષે કહેલું કે તમને વિદેશ જવાનો યોગ તો છે, પરંતુ તમારૂં જવાને ટાઇમે કેન્સલ થઇ શકે છે. અમે રાજ ટ્રાવેલ્સમાં યુરોપ ફરવા જવાનો પ્રોગ્રામ બનાવ્યો, મારા પુ. સાસુજીની ઉમર ત્યારે ૮૫ વર્ષની જો કે મારી વહુ કામકાજમાં હોશિયાર અને મને પૂરી ખાત્રી હતી જે કે મારી વહુ મારા પૂ. સાસુજીને બરાબર સંભાળી લેશે. પરંતુ મારા સાસુજી મને મનથી રજા આપતા નહોતા. ખૂબ સમજાવી ત્યારે રજા આપી. પરંતુ મને વારે વારે એ જ યાદ આવે કે જ્યોતિષે મને કહેલું છે કે તમારૂં કેન્સલ થઇ શકે છે. એટલે હું મનથી તૈયારી નહોતી કરી શકતી ટીકીટને બધું બુકીંગ થઇ ગયેલું એટલે અમે નીકળી ગયા. ૨૪ દિવસનો પોગ્રામ હતો. અમે આરામથી યુરોપ ફરી આવ્યા. બે વર્ષ પછી મારા પૂ. સાસુજી સ્વર્ગવાસ થયા. એવું પણ બને ખરૂં.

એટલે આપણે કુંડલી કે જ્યોતિષમાં વિશ્વાસ કરીને બેસીએ તો ન ચાલે એમ મને લાગે છે. માનવું ન માનવું એ તો પોત પોતાનો અભિપ્રાય છે.

– **સૌ. અંજના સી. પટેલ**, નાગપુર-તેરા
મો.: 9423686628





શ્રી વરાડીયાના મોમાયા પરિવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૨૭મી સમૂહ પહેડી વિ.સં. ૨૦૭૬, મહા સુદ-૨, રવિવાર, તા. ૨૬.૦૧.૨૦૨૦ના શુભદિને ગીતા હોલ, ભાંડુપ રેલ્વે સ્ટેશનની બાજુમાં, ભાંડુપ (વેસ્ટ) ખાતે હર્ષોલ્લાસ સાથે ભક્તિમય વાતાવરણમાં ઉજવાશે. કાર્યક્રમની વિગતવાર રૂપરેખાની જાહેરાત પાછળથી કરવામાં આવશે.

શ્રી મોમાઇ માતાજીની ધ્વજારોહણ વિક્રમ સંવત ૨૦૭૬, મહા સુદ-૧૫, રવિવાર, તા. ૦૯.૦૨.૨૦૨૦ના શુભ દિવસે નિરધારેલ છે. અત્યાર સુધી ૩૬ ભાવિકોના નામો નોંધાયા છે. હજી જે ભાવિકોને પધારવાની ભાવના હોય તો તેઓ પોતાની રીતે ટીકીટો કઢાવી વરાડીયા મુકામે પહોંચવાનું રહેશે.

એપ્રિલ-૨૦૨૦ના પ્રથમ અઠવાડીયામાં ભૂવાશ્રીની ગંદી બદલવાનો પ્રસંગ છે. તેની તારીખ પાછળથી જણાવવામાં આવશે. તેમજ તે વખતે સહુ ભાવિકોની ઇચ્છા મુજબ માદરે વતન કચ્છ વરાડીયામાં મોમાઇ માતાજીના ધામમાં એક સમૂહ પહેડી કરવાનું આયોજન છે. તેની ચર્ચા વિચારણા કરી, નક્કી કરી તેની પણ જાણ પાછળથી કરવામાં આવશે.

**લિ. વરાડીયા મોમાયા પરિવાર વતી**
**ભૂવાશ્રી લલીતભાઇ ધનજી મોમાયાના જય માતાજી!!!**


**ફેશનિસ્ટા ધ જ્વેલરી હબ**

**અમેરિકન ડાયમંડ, કુંદન, ચંદન હાર અને બધા પ્રકારની ઇમિટેશન જ્વેલરીના વેપારી**



**જય મહેતા**
**Mob.: 9930916697**

**G-100**, જલારામ બાપા માર્કેટ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ- ૪૦૦ ૦૮૦.





**રચયિતા: જયકાંત મોતા**

**ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨**

## ધર્મ સંદેશ - ૧૪૫


**ઊભી ચાવીઓ -**

[૧] બલસાણાના મુળ નાયક (૫); [૨] બુધ્ધી (૨); [૩] રાજસ્થાનનું પાર્શ્વનાથનું તીર્થ (૪); [૪] વીર વિજયજી મસા. એ શ્રાવક-શ્રાવિકાને શિખામણ આપેલ (૭); [૫] તપ કરનાર (૩); [૬] ઋતુ પ્રમાણે..... નો કાળ બદલાય (૨); [૯] સાધુ ભગવંતો પાસેથી નખાવાય (૪); [૧૧] પાર્શ્વનાથને .... હોય (૨); [૧૪] માનવ સિવાયના હાલતા ચાલતા જીવ (૨); [૧૬] કેવળ જ્ઞાન પામેલ કહેવાય (૩); [૧૯] શાહપુરમાં ઘણીવાર દર્શન આપે (૨); [૨૧] એક અંધારીયો પક્ષ (૨); [૨૩] દરેક જિનાલયમાં આનો ઉપયોગ થાય (૩); [૨૫] મુનિસુવ્રતના ચાર કલ્યાણકની ભૂમિ (૪); [૨૮] દીક્ષાર્થીને ઓઘો હાથમાં આપતા.... માં આવી જાય (૨); [૨૯] પુનામાં આવેલ સંભવનાથનું..... આકારનું જિનાલય (૨); [૩૧] જિનાલય (૨); [૩૩] તપના પ્રકાર (૧).

**આડી ચાવીઓ -**

[૧] આબુનું એક જિનાલય (૬); [૫] જૈનોનો એક ફિરકો (૪); [૭] એક જ્ઞાન (૨); [૮] સાધુ ભગવંતોનું પ્રવાહી લેવાનું પાત્ર (૪); [૯] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨); [૧૦] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪); [૧૨] વિહરમાન ભગવંતો કેટલા (૨); [૧૩] ત્રણ જગતનું સ્વામિત્વ બતાવતું પ્રભુ ઉપર મુકાતું પ્રતીક (૨); [૧૫] દાનના સાત ..... (૨); [૧૭] માસ ખમણ એટલે કેટલા ઉપવાસ (૨); [૧૮] ...... થી કર્મોની નિર્જરા થાય (૨); [૨૦] રાતનું પ્રતિક્રમણ (૩); [૨૪] ...... આઠમથી વર્ષીતપનો પ્રારંભ (૫); [૨૫] ૧૪૪૪ થાંભલાવાળું જિનાયલ (૫); [૨૬] રાજસ્થાનનું આદેશ્વરનું તીર્થ (૨); [૨૭] મધ્ય પ્રદેશનું પાર્શ્વનાથનું તીર્થ (૪); [૩૦] ઘણા ગામોમાં ..... હોય (૪); [૩૨] ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨).

**(ઉકેલ અન્યત્ર)**



## કચ્છી કસબ - ૧૪૫

**ઊભી ચાવીઓ -**

[૧] લોટ બાંધવો (To knead) (૨); [૨] તારું (Yours) (૨); [૩] ખરાબ સ્ત્રી (Bad women) (૩); [૪] પંચાત (Peeping in others business) (૩); [૫] સારો (છોકરા માટે) (Nice - for male) (૩); [૭] છુપવાની જગ્યા (Place to hide) (૨); [૮] ઝુંરવું (Struggling) (૨); [૧૧] ખોળો (Lap) (૨); [૧૨] નાની તડ (Small crack) (૩); [૧૩] સીધો (Right side) (૨); [૧૪] કટોકટી સમયે (At emergency) (૩); [૧૫] વાંદો (Cockroach) (૩); [૧૮] શૂરાતન ચડાવવું (To encourage) (૩); [૧૯] ચાર પગવાળા (Of four legs) (૩); [૨૨] છોકરીનું સગપણ થવું (Engagement of girl) (૩); [૨૪] માં (Mother) (૩); [૨૫] શિફારિસ (Recommend) (૩); [૨૭] આટલા બધા (So many) (૪); [૨૮] પાછળનો (Last) (૩); [૩૪] રડવું (To cry) (૧).

**આડી ચાવીઓ -**

[૧] કસ કાઢવો (Giving labours work) (૩); [૩] અજંપો (Restlessness) (૩); [૫] તોડવું (To break) (૨); [૬] જુલાબ (Laxative) (૩); [૯] વજનદાર સ્ત્રી (Heavy Lady) (૨); [૧૦] દિલાસો (Condolence) (૪); [૧૨] ખુલ્લું (Open) (૩); [૧૪] અડધું (Half) (૨); [૧૬] ટાલ (Bald) (૨); [૧૭] એમ (OK) (૧); [૧૮] પડખું ફેરવવું (Turning of body) (૨); [૨૦] નખ (Nail) (૧); [૨૧] ઈંડુ (Egg) (૨); [૨૨] ખિસકોલી (Squirel) (૩); [૨૩] એકસોમું (Hundreth) (૨); [૨૪] મારવું (To beat) (૨); [૨૫] વરૂ (Wolf) (૩); [૨૬] ઉંઘ આવી જવી (To get slip) (૪); [૨૮] અનાજ માપવાનું સાધન (The thing used for measuring grains) (૩); [૨૯] ત્યાં (There) (૨); [૩૦] મૂછ (Maustache) (૨); [૩૧] નવ (Nine) (૨); [૩૨] ગયો (Went) (૧); [૩૩] મુઠિયા (Kutchi food item) (૩); [૩૫] ઘસવું (Have you rub) (૨).

**(ઉકેલ અન્યત્ર)**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડ

અત્રે શ્રી ચંદ્રપ્રભ સ્વામી તથા શ્રી શીતલનાથ દાદાની છત્રછાયામાં પર્યુષણ પર્વ હર્ષોલ્લાસથી ઉજવાયો મુંબઇ તથા દેશાવરથી સારી સંખ્યામાં પરજાઉ વાસીઓ પધાર્યા હતા. કલ્પસૂત્ર (પોથી) માતુશ્રી જયવંતીબાઇ લાલજી દંડ હસ્તે કેતનબાઇ તથા કિરણભાઇના ઘરે તથા પારણું માતુશ્રી મીઠાબાઇ ડુંગરશી નાગડા હસ્તે વિજય ડુંગરશીના ઘરે પધરાવેલ. શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ થી બે બહેનો (૧) હિરાવંતીબેન મુલચંદભાઇ દેઢીયા (મુંબઇ) તથા (૨) હિરાવંતીબેન પ્રેમજીભાઇ દેઢીયા (અલિબાગ)એ આરાધના કરાવેલ.

### ક.દ.ઓ. જૈન સમાજ દ્વારા તપસ્વીઓનું બહુમાન

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન ભુજ દ્વારા શ્રી મહાકાળી માતાજીની ભાવના, સમુહ ક્ષમાપના, તપસ્વીઓનું બહુમાન કાર્યક્રમ માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર, જયાબેન પ્રબોધ મુનવર પરિવારના સહયોગથી યોજાયો હતો.

મહાકાળી માતાજીની ભાવનામાં દિલીપ મોતા, હેમંત છેડા, વિનય હેફા, જયાબેન મુનવર, કલ્યાણજીભાઇ ડાઘાએ રમઝટ જમાવી હતી. અનીલ શાહ, મનીષ ધરમશી, હેમંત મોમાયા તથા બાળ કલાકારો કનિષ્ક શાહ તથા ધ્યાન મુનવરે ઢોલ સાથે સંગીતરસ પૂરો પાડ્યો હતો.

ઉપસ્થિત સમાજ વાસીઓએ એકબીજાને મિચ્છામિ દુક્કડમ્ કહી ક્ષમાયાચી હતી. પર્યુષણ મહાપર્વ દરમ્યાન વિવિધ તપ આરાધના કરનાર સમાજના તપસ્વીઓનું બહુમાન પ્રિતિબેન મોમાયા, અનીલાબેન વિકમશી, પ્રફુલ્લાબેન લોડાયા, જયાબેન મુનવર, દમયંતિબેન મોતા, જયશ્રીબેન જીવાણી, ચંદનબેન મોમાયા, દિપ્તીબેન મોતા, ડીમ્પલ ધરમશી, અમિતા જૈન, કાંતાબેન મુનવર તથા સમાજનાં આગેવાનોનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ. કવિતાબેન ધુલ્લાનાં માસક્ષમણ તપની તથા બાળ તપસ્વી તનિષ્ક જૈન તથા નીલ સાયલાનાં તપની પણ અનુમોદના કરવામાં આવેલ.

નીલેશ મોમાયા, અભય ધરમશીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરલે. ગંભીર બીમારીમાંથી સ્વસ્થ બનેલા સમાજના યુવાન લલિત કે. ડાઘાનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, તથા આભાર દર્શન દિલીપ મોતાએ કરેલ.

કાર્યક્રમ સફળ બનાવવા તુષાર જૈન, હરીશ લોડાયા, બીપીન દંડ, મહેન્દ્ર લોડાયા, હેમંત જીવાણી, પારસ ડાઘા, કુલીન મુનવર, મુકુંદ લોડાયા, નયન મૈશેરી, જય લાપસીયા, સર્વે ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

### કોઠારામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની ઉજવણી

અબડાસા તાલુકાનાં મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પૂ. સાધ્વી શ્રી કિરણકલાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં પર્યુષણ મહાપર્વની ધાર્મિક-આરાધના ઉજવણી કરવામાં આવી.

કલ્પસૂત્ર માતુશ્રી ખેતબાઇ ચાંપશી ધરમશી પ્રભુજીનું પારણું માતુશ્રી જમકુબાઇ મેઘજી દેવશી દંડ પરિવાર કોઠારા જૈન સંઘ દ્વારા સ્વામિવાત્સલ્યનું આયોજન હતું. ત્રીજનાં દિવસે પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવતા ભાઇ-બહેનોનું શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા સન્માન

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

સ્પેશાલીસ્ટ : બ્લાઉઝ, ડ્રેસ, ચણીયાચોળી અને એમ્બ્રોઈડરી વર્ક
**મેઘા લેડીઝ ટેલર**
જુની સાડીઓમાંથી ગાઉન બનાવી આપવામાં આવશે.
**કેવલ શાહ**
Mob.: 89765 21147
૧૦૦% કૉટન પેટીકોટ ઉપલબ્ધ છે.
શૉપ નં. ૮૭, જલારામ માર્કેટ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ- ૪૦૦ ૦૮૦.

કરવામાં આવેલ. નલીનભાઇ અજાણી, મધુકાન્ત શાહ, હેમંતભાઇ અજાણીએ પર્યુષણ પર્વ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ચોથનાં સાંજે તપસ્વીઓનો બહુમાન કાર્યક્રમ કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા યોજાઓ હતો. અઠ્ઠમ અને વર્ષિતપારાધકોનાં તપની પણ અનુમોદના કરવામાં આવેલ. તપસ્વીઓના તપની અનુમોદના અર્થે સકલશ્રી સંઘને માતુશ્રી સોનબાઇ હીરજી નરશી લોડાયાના ઘરે પગલા કરાવવામાં આવેલ. આ પ્રસંગે મુંબઇ મહાજન અધ્યક્ષ શ્રી કલ્પેશભાઇ મોતા, પ્રવિણભાઇ લોડાયા તથા આગેવાનો ઉપસ્થિત હતા. ધનપતિ લોડાયા તથા વર્ધમાન લોડાયાએ સકલશ્રી સંઘને આવકાર આપેલ.

પાંચમનાં બારસો સુત્ર વાંચન બાદ ચૈત્યપરિપાટી યોજાઇ હતી. તેમજ મહાજનશ્રી હસ્તકની સંસ્થાઓ દેરાસર, ભોજનશાળા, અતિથિગૃહ, પાંજરાપોળનાં કર્મચારીઓનું બહુમાન કરવામાં આવેલ. છઠ્ઠનાં દિવસે પ્રભુજીનાં દ્વાર ઉદ્‌ઘાટન બાદ શ્રી કોઠારા જૈન મિત્ર મંડળના સર્વે કાર્યકરોએ વાજતે ગાજતે સમાજનાં દરેક ઘરે જઇ મિચ્છામિ દુક્કડમ્ કર્યા હતા.

સમૂહ ક્ષમાપના કાર્યક્રમમાં દીનેશભાઇ અજાણી, રાયચંદ લોડાયા, કુ. તોરલબેન પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ક્ષમાપનાનો અર્થ સમજાવ્યો હતો. કાર્યક્રમોનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે કર્યું હતું.

રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, દેવેન્દ્ર જીવાણી, કીરીટ અજાણી, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, મુયર નાગડા, પ્રદિપ મુનવર, હીરાચંદ મૈશેરી, દિલીપ લોડાયા, રમણીક શાહનંદ તથા વિશાળ સંખ્યામાં ભાઇ-બહેનો જોડાયા હતા. પ્રભાતિયા અને પખાવાજમાં હીરાલાલ જીવાણી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, કાન્તીલાલ લાલકાએ રમઝટ મચાવ હતી.

### મહાકાળી માતાજીની ભાવના સાંયરા

તા. ૧૨-૯-૨૦૧૯ના શ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. તા. ૧૩-૯-૨૦૧૯ના માતુશ્રી મણીબાઇ ખેતશી મોમાયા તરફથી સાંયરા ગામે પખાવાજ રાખેલ જેમાં અલગ અલગ ગામોની મંડળીઓ આવેલ. જેમાં અંતરજાળ, વડોદરા કે.ડી.ઓ. મંડળ તેરા, નલીયા, કોઠારા, સાંધવ, સાંયરા મુખ્ય હતા. એકભાઇ પખાવાજ માટે ગોવાથી સાંભળવા માટે આવેલ તથા સાંધણ, વારાપધર, વાંકુ, રાપરગઢવારીથી લોકો આવેલ.

### ઘર બેઠા પરીક્ષા - OPEN BOOK EXAM

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસી તપ પ્રસંગે પ્રકાશિત ''ગુણ અનંતમાં રમાડજો'' પુસ્તક આધારીત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે.

વહેલા તે પહેલાના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક-પ્રશ્નપત્ર-ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**૧) સુ. શ્રા. લતાબેન એલ. વીકમશી**

૨/૩૯ અનંતનિવાસ - ભાત બઝાર, ૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જીદબંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯. મો.: ૯૩૨૩૯૪૪૧૧૭

**૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના**

૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૭૭. મો. ૯૬૬૪૭૯૮૩૯૮

### બૃહદ મુંબઇ ગુજરાતી સમાજનો એવોર્ડ સમારંભ

બૃહદ મુંબઇ ગુજરાતી સમાજ દ્વારા ૧૯૯૪ થી સિદ્ધિ પ્રાપ્ત ગુજરાતીઓને 'ગિરનાર એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. આ એવોર્ડ સાહિત્ય, પત્રકારત્વ, નાટ્ય, ફિલ્મ, પાર્શ્વ ગાયક, રમતગમત અને વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે અપાય છે. આ વર્ષે ગિરનાર એવોર્ડ ૨૦૧૯ સમાજ તરફથી શનિવાર, ૨૩ નવેમ્બરે સાંજે છ થી દસ વાગ્યા સુધી યોગી સભાગૃહ, દાદર (પૂર્વ) સ્ટેશન રોડ ખાતે અપાશે.

### ક.દ.ઓ. જૈન મહાજન સમિતિ નાગપુર

તા. ૨૯મી સપ્ટેમ્બર ડૉ. આરતી ના હૉસ્પિટલમાં


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**ઢોલી ઈબ્રાહિમ અલી મહોમ્મદ**



જુના અને પ્રખ્યાત કચ્છ માતાનામઢ વાળા

સ્પેશાલીસ્ટ : ડાંડીયા રાસ, લગ્નગીત અને ઢોલ શરણાઈના સ્ટેજ પ્રોગ્રામ



૨૦૫-એ વીંગ, બીજે માળે, નટરાજ અપાર્ટમેન્ટ, કિસન નગર, પંચપરમેશ્વર મંદિરની બાજુમાં, મુલુન્ડ ચેકનાકા, ઠાણા-૪૦૦ ૬૦૪ મો.: 09892539327, ઘર : 25800129

એમના પૂર્ણ સહકારથી સમાજના વ્યક્તિઓ માટે ફ્રી માં કેમ્પ રાખ્યો હતો. જેમાં ઇસીજી, બ્લડ ટેસ્ટ અને કન્સલ્ટ ડૉ. આરતીએ પણ અમારી પાસેથી એક પૈસા લીધા વિના અને એમની હૉસ્પિટલ ઇન્દ્રાયણીના પૂરા સ્ટાફે દિલથી સેવા આપી. સમાજના લગભગ ૩૦ જણાએ આનો લાભ લીધો. ડૉ. આરતીએ હાર્ટ વિષે ખૂબ સરસ માહિતી આપી. પ્રશ્નો પૂછાયા એનો પણ સંતોષકારક જવાબ આવ્યો, સાથે ઇમરજન્સીમાં પેશન્ટને તમે કેમ ટ્રીટ કરી શકો છો તે પણ બતાવ્યું. મહાજન તરફથી ડૉ. આરતીને મોમેન્ટો આપીને સન્માનવામાં આવ્યો. મહિલા મંચ તરફથી પણ ભેટ આપવામાં આવી.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – કોઇમ્બતુર

અમારા સંઘમાં પર્યુષણ મહાપર્વ તા. ૨૭-૮-૨૦૧૯ થી તા. ૪-૯-૨૦૧૯ સુધી પરમાત્માની અસીમ કૃપાથી હર્ષોલ્લાસ તેમજ ધર્મ આરાધના પૂર્વક ઉજવાયા. પર્વની આરાધનાર્થે શ્રાવિકા કંચનબેન દેઢિયા અને શ્રાવિકા તપસ્વી પુષ્પાબેન વીસરિયા મુંબઇથી પધારેલ. શ્રાવિકા બહેનોએ ખૂબજ સુંદર ધર્મઆરાધના કરાવી તેમજ શ્રી કલ્પસૂત્ર ગ્રંથનો એક એક શબ્દ વાંચી સંભળાવેલ.

દરરોજ સવારે પક્ષાલ, પૂજા, સ્નાત્રપૂજા, ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, જ્ઞાન શિબિર, જ્ઞાનની ગમ્મત, પ્રતિક્રમણ અને રાતે પ્રભુ ભક્તિ દ્વારા દરેકે દરેક સભ્યો ધર્મ આરાધનમાં લીન બની ગયા હતા. ભક્તિ ભાવના માટે મધ્ય પ્રદેશથી શ્રી રમેશભાઇ ચૌહાન, આગર (મ.પ્ર.)થી પધારેલ. સવંત્સરીના દિવસે બારસાસૂત્ર વાંચનબાદ સકળ સંઘ સાથે સ્થાનિક જિનાલયમાં ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ.


## શ્રી અજિતનાથ જૈન દેરાસર ટ્રસ્ટ – દલતુંગી

દલતુંગી ગામનું સ્નેહમિલન તા. ૨૦-૧૦-૨૦૧૯ના પાંજી વાડી, કાંજુરમાર્ગ ખાતે યોજેલ છે. આમંત્રણ પત્રિકા વિતરણ ચાલુ છે. પત્રિકા કોઇ કારણસર ન મળી તો આ સમાચારને પત્રિકા મળ્યાતુલ્ય સમજી સર્વે ગામવાસી, નિયાણી બહેનો, દીકરીઓ, આમંત્રિત મહેમાનોને સહકટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. શ્રી નરેન્દ્રભાઇ નંદુની હાજરીમાં મહાજનવાડીના વિવિધ ચઢાવા લેવાના છે માટે આપ સૌને સ્નેહમિલનમાં હાજરી આપવા આગ્રહભરી વિનંતી છે.

## વડોદરા નગરે પર્યુષણ પર્વ ની ઝાંખી

પૂ.સા. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યાશ્રી પૂ.સા. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.તથા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨ની પાવન નિશ્રામાં પર્યુષણ પર્વ ભક્તિભાવ પુર્વક ઉજવાયા. સંઘમાં ૩ નિગોધ તપ, ૧ ગીરનારી તપ, ૧ સોળભત્થો, ૯ અઠ્ઠાઈ, ૧ સાત ઉપવાસ, ૧૬ સવ્વસરોહણ તથા અક્ષયનિધિ, અઠ્ઠમ-છઠ્ઠ, આયંબિલ, રોજના ૪૫ જેટલા એકાસણા થયા. તપસ્વીઓનું બહુમાન હંમેશ મુજબ સ્વર્ણ મુદ્રા વડે કરવામાં આવ્યુ. પોથી પધરાવવાનો લાભ સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા પરિવાર, પારણું પધરાવવાનો લાભ માતુશ્રી નવલબેન જેચંદ લોડાયા પરિવાર, શાલીભદ્રની પેટી પધરાવવાનો લાભ શ્રી હીરાચંદ લક્ષ્મીચંદ મેઘજી દંડ પરિવારે લીધો. શ્રીમતી હેતલ મૈશેરીના રાહબર નીચે યુવામંચે સરસ સાંસ્કૃતિક પ્રોગ્રામ આપ્યા. પ્રભાવના માટે શ્રી તરૂણભાઈ નાગડા તથા કાર્યાલય શ્રી દિનેશભાઈ નાગડાએ સંભાળ્યા.

ચૈત્ય પરિપાટી જામનગર-હાલાર પંચતીર્થી તથા લાલપર ભલારાદાદા ૭૦ ભાવિકોને બસ દ્વારા શ્રી કલ્યાણજી મુલજી લોડાયા હ. રાજેશ્રી વર્ધમાન લોડાયાના સહયોગથી કરાવવામાં આવી. નવકારશી, સ્વામીભક્તિ, ચૌવિહારના મુખ્ય સહયોગી દાતા માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા-સાંયરા પરિવાર. રસોડા પર શ્રી શરદભાઈ


રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

જ્વેલરી-એન્ટીક સેટ ૫૦% થી ૬૫%ની છુટ
૩૦૦ની બંગડી ૧૦૦ રૂ. માં, ૪૦૦ની બંગડી ૧૫૦ રૂ.માં, અમે. ડાયમંડ-એન્ટીક સેટ, રજવાડી સેટ રૂ. ૨૦૦૦ થી ૬૦૦૦ વાળો ૧૦૦૦ થી ૩૦૦૦ રૂ. માં
Total Stock Clearing Sale.
આ ઓફરનો તુરંત લાભ લો. આવું અવસર ચુકતા નહીં.
રિધ્ધી આર્ટ
ભરત ક્ષેત્રની ગલીમાં, દાદર (ઇ.).
મિતેષ પ્રવિણ ગોસર : 92253 25075

કારાણીએ નિસસ્વાર્થ ભાવે સેવા આપી.

સંચાલન ચાર્તુમાસના કન્વીનર શ્રી પ્રીતમભાઈ કુંવરજી લાલકા અને શ્રી નરેન્દ્રભાઈ દામજી મોમાયાએ કર્યુ. પર્વબાદ પ.પૂ.આ.ભ.ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના જન્મદિને વડોદરાથી ભાવિકોએ દર્શન-વંદન કર્યા. ત્યાર બાદ અબડાસાની પંચ તીર્થી કરી સાંયરા મુકામે પખાવાજમાં ભાગ લીધેલ.

### કલીકટ મધે પર્યુષણ પર્વ

અત્રે શ્રી કલીકુંડ પાર્શ્વનાથ અને શ્રી આદેશ્વર જિનાલયમાં પર્યુષણ પર્વ ઉજવાયેલ. પર્વ આરાધના કરાવવા મુંબઇ થી આર્યરક્ષિત વિદ્યાપીઠના ભાઇઓ શ્રી નીખીલભાઇ હરીયા અને બીજા પાંચ સાથીયો પધારેલ અને ધર્મ આરાધના બહુજ સારી રીતે કરાવેલ.

કલ્પસૂત્ર અને પ્રભુજીનું પારણું બન્ને શ્રી હેમેન્દ્ર અમરચંદ દોશી પરિવારે પધરાવેલ. પ્રભુજીની આંગીઓ બહુજ સારી રીતે કરવામાં આવેલ. રોજ રાતના પ્રતિક્રમણ અને આરતી બાદ પધારેલ, પંડીતજી અને એમના સાથીઓ સાથે રોજ ધર્મ ચર્ચામાં બધાજ ભાગ લેતા. અને ભક્તિ ભાવના કરાવતા.

સાતમ નાં દિવસે અઢાર અભિષેક કરાવવામાં આવેલ. જેમાં બધાએ ભાવપૂર્વક ભાગ લીધેલ અને ત્યારબાદ બપોરના કસ્તુરચંદ લક્ષ્મીચંદ શેઠ તરફથી સાધર્મિક ભક્તિનો સકળ સંઘે લાભ લીધેલ.

તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરના **V5** ગ્રુપ યોજીત ચૈત્ય પરિપાટી માટે ૯૪ જણ ચેન્નાઇ પાસે કેશરવાડી, રેડહીલ્સ (દેરાસર અને ગૌશાળા) ત્રીલોક્ય શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ અને પોરૂર દેરાસર ની જાત્રા બધાએ ભાવપૂર્વક કરેલ. **V5** ગ્રુપના શ્રી અમીત ખોના, કીરીટ દંડ, જયેશ શાહ, કૈલાશ વોરા અને અમીત શાહ અને સાથે શ્રી દિપક વેલજી શાહ બધાએ જાત્રાનો કાર્યક્રમ સફળ બનાવેલ.

### જ્ઞાતિમાં દિવ્યાંગોનું પ્રથમ આનંદમિલન

સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા તા. ૨૮-૯-૨૦૧૯ના દિવ્યાંગ જ્ઞાતિજનો માટે સાંસ્કૃતિક પ્રોત્સાહન અને પરસ્પર મિલનનો કાર્યક્રમ યોજાયો. પ્રારંભમાં દિવ્યાંગ દિકરી અર્ચિતાએ નવકાર મંત્ર પઠન કર્યું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો મુંબઈ મહાજનના પ્રમુખ કલ્પેશભાઈ મોતા, સમસ્ત મહાજન ટ્રસ્ટી હંસ બી. ખીમજી, હેમાબેન છેડા વગેરે અગ્રણીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરાયું. ઉપસ્થિત સૌને દિવ્યાંગ સમિતિ ચેરમેન કાશ્મીરાબેન લુઠિયાએ સૌને ઉર્મિભેર આવકાર આપ્યો હતો. મેજિશીયન સાગર દ્વારા મેજીક શૉ રજૂ કરાયો. સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડનું સ્વાગત સત્કાર દિવ્યાંગ દિકરીઓ દ્વારા કરાયું. દિવ્યાંગોએ વિવિધ સાંસ્કૃતિક આઈટમો પ્રસ્તુત કરી. જેમાં ડાન્સ, કેસીઓ વાદન, ગરબા પ્રસ્તૃતિ, ગઝીયો, માર્શલ આર્ટ વગેરેનું નિર્દેશન બખૂબીથી કરી સૌ પ્રેક્ષકોની વાહવાહ મેળવી.

કાર્યક્રમ માટે નપુ હૉલ નિઃશુલ્ક સંજય વિસરાણી અને પંકજ વિસરાણી દ્વારા વાલજી લખમશી નપુની ૪૦મી પૂણ્યતિથિ નિમિતે અપાયું હતું. કાર્યક્રમના મુખ્ય દાતા કુસુમબેન તથા હરીશભાઈ ધરમશી એચ.ડી. ફાયરવાળા રહ્યાં હતા. જ્યારે સહયોગી દાતા આશિષ ઉત્તમભાઈ મૈશેરી, અશ્વિન મણિલાલ ખોના, જયાબેન અરૂણ મોતા, માધુરીબેન કિશોર વિકમશી, ડૉ.ધનલક્ષ્મી લાલકા, નીતિનભાઈ સાયલા, મીનાબેન શાંતિલાલનું બહુમાન કરાયું. કાર્યક્રમમાં સ્થાનિક નગરસેવિકા નેહલબેન ખોનાની પ્રોત્સાહિત ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ સંચાલન શિલ્પા અજાણી અને આભાર દર્શન નીના સાયલાએ કર્યું હતું. મુંબઈ તેમજ પરિસર અને કચ્છ જામનગર હૈદરાબાદથી ૩૦ જેટલા દિવ્યાંગો સાથે તેમના પરિવારજનો મળી ૧૦૦ જણ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમની અવિસ્મરણીય ઉપલબ્ધિ થઈ રહે એ માટે ૩ દિવ્યાંગજનો પગભર થાય એ માટેની પૂરી જવાબદારી-માર્ગદર્શક રાહબર બનીને નીશિથભાઈ દંડએ સાચી શાહને,


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ, પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.**

સોમવાર બંધ



**નોકરી ખાલી છે :**

અમારા તેરા-કચ્છ (અબડાસા) સ્થિત દેરાસરજી માટે પૂજારીની જરૂર છે. (કુટુંબ સાથે રહેવાની સગવડ મલશે)

**ફોન કરી હસ્ત લિખીત અરજી સાથે રૂબરૂ મળો :**

**શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ-તેરા**

**C/o. નરેન્દ્ર શાહ એન્ડ એસોસીયેટસ,**

૧૬, શાંતિ ભુવન, ત્રીજે માળે, રેલ્વે સ્ટેશન સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.

સંપર્ક નં.: 022-25647572

હેમાબેન છેડાએ પલ મોતાને તથા કુસુમબેન ધરમશીએ અર્ચિતા લોડાયાને એડોપ્ટ કર્યા અને તેમની સમગ્ર જવાબદારી લીધી.

પાંચ દિવ્યાંગો જેઓ વિવિધ ક્ષેત્રમાં એચીવમેન્ટ મેળવી સૌને માટે પ્રેરક બની રહે એવી પ્રતિભા ખીલવી છે એવા સ્પોર્ટસપર્સન પલ ગિરીશ મોતા, કલ્ચરલ એક્ટિવિટીમાં નોંધપાત્ર પ્રદાન આપેલ ખ્યાતિ વિજય મોતા, સ્પોર્ટ-માર્શલ આર્ટમાં પોતાની પ્રતિભા ખીલવનાર મયૂર વિજય મોતા, ભરત કામ, હસ્તકલામાં નીના શામજી મર્ચન્ટ અને બેડમિન્ટન તેમજ બન્ને પગ ન હોવા છતાં ૧૦૦ કિ.મી. સાઈક્લીંગ રનર થયેલ પ્રિયાંક નાગડા તથા સમાજસેવા પ્રવૃત્તિ માટે મહેશ ખોનાનું વિશેષ સન્માન કરાયું.

સૌ દિવ્યાંગોને મહેશ ખોના દ્વારા શેઠશ્રી નરશી નાથાની છબી ભેટ અપાઈ. જ્યારે શિલ્પા અજાણી દ્વારા બેગ અપાઈ તથા પ્રોત્સાહક ભેટ, મોમેન્ટો તેમજ રોકડ કવર ભેટ અપાઈ. અંતે દિવ્યાંગજનો સાથે ઉપસ્થિત સૌએ રાસ-ગરબાની રમઝટ જમાવી. આ દિવ્યાંગ આનંદ મિલનની રૂપરેખા બનાવવાથી માંડીને, દિવ્યાંગ અનુરૂપ સ્થળ નક્કી કરવું, વિવિધ સુવિધાઓ તથા ઉપહાર-પુરસ્કાર માટે પ્રાયોજકો તથા દાતાઓ સાથે સંપર્ક કરવો તથા પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરે તેવું સંચાલન અને ખૂબ જ વ્યવસ્થિત આયોજન, આ સર્વ બાબતો ઉપર દિવ્યાંગ સમિતિના દરેક સભ્યે અથાગ મહેનત કરી હતી.

## પાસ થયા અભિનંદન

**નોંધ :** જ્ઞાતિના S.S.C. કે તેથી ઉચ્ચ પરીક્ષામાં પાસ થનાર સૌના પરિણામ અને ફોટા આ કૉલમમાં બ્લૅક ઍન્ડ વ્હાઈટમાં વિના મૂલ્યે છપાશે.



**માનસી જયેશ સોની**
સુથરી - વડાલા
**Cleared CS Executive**



**પાર્થ સંદિપ મોતા**
સુથરી - અહમદાવાદ
**B.E. Civil, SPI - 8.37**

**ભુલ સુધાર :** પ્રકાશ સમિક્ષા અંક ૪માં પાના નં. ૪૨ ઉપર છપાયેલ વિવિધ સંઘોમાં થયેલ સ્વપ્નના ઘૃતની ઉછામણીમાં મોટીખાવડી માં સ્વપ્નાનું ટોટલ ઘી ૫,૮૩,૮૭૨ મણ એમ સુધીરીને વાંચવું.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૧૯-૧૦-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઈડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૧૯-૧૦-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૦-૧૦-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



**સ્વ. વંદન અશોક ધરમશી**

**નલિયા - અંબડ**

અરિહંત શરણ : તા.: ૨૨-૦૯-૨૦૧૯

**સાવ અચાનક આમ તારૂં ચાલી જવું,**
**એક કુમળા ફુલનું ડાળથી ખરી જવું.**
**ખૂબજ દુઃખદ તથા આઘાતજનક છે.**

ધર્મપ્રિય, વિદ્યાસંગી એવો આપનો આત્મા મોક્ષગામી બને તથા પરિવારને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે એવી પ્રભુ પ્રાર્થના સહ **ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ.**

**- પ્રકાશ સમીક્ષા સમિતિ**

## એલ. એમ. પોમલ

કચ્છના અંતરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કળાકાર અને ફોટોગ્રાફર એલ. એમ. પોમલની સ્મૃતિમાં ભુજની હેડપોસ્ટ ઑફિસ ખાતે એમણે પાડેલા સુરખાબના પ્રસિધ્ધ ફોટોગ્રાફ સાથે સ્પેશ્યલ કવર અને કેમેરાના ચિત્ર સાથે કવર અને કેન્સલેશન માર્ક બહાર પાડવામાં આવશે. કોઇ ફોટોગ્રાફરના માનમાં કવર બહાર પાડવાનો ભારતમાં કદાચ આ પહેલો જ પ્રસંગ હશે. આ કવર ગુજરાત પોસ્ટ સર્કલ તરફથી બહાર પાડવામાં આવી રહ્યો છે. જોકે કચ્છના કોઇ વિશિષ્ટ વ્યક્તિના માનમાં સ્પેશ્યલ કવર બહાર પાડવાનો આ બીજો પ્રસંગ છે. આ અગાઉ પ્રથમ કવર કચ્છના કલેક્ટર અને પૂર્વ સાંસદ ટી. એમ. શેઠના માનમાં તા. ૪-૮-૨૦૧૨ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો.

## માંડવી બીચ ટેન્ટ સિટી

પ્રવાસન રાજ્યમંત્રી વાસણભાઇ આહીરે અત્રે જણાવ્યું હતું કે માંડવી બીચ ખાતે પીપીપી ધોરણે ૫૦ ટેન્ટની સિટી બનાવાશે.

## ડૉ. કાંતિ ગોરને અકાદમી ગૌરવ પુરસ્કાર

કચ્છ યુનીવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિ ગોર ‘કારણ’ ને કચ્છ ભાષા માટે વર્ષ ૨૦૧૮ માટે ગૌરવ પુરસ્કાર જાહેર કરાયો છે. ડૉ. ગોર પ્રખ્યાત લેખક અને નાટકકાર છે. વરસોથી કચ્છી સાહિત્ય શબ્દ કોશ અને ભાષા વિજ્ઞાન ક્ષેત્રે કામ કરી રહ્યા છે.

## કરગરીયા રખાલ

ભુજ-મુંદરા રોડ પર આ રાજાશાહી વખતનો રક્ષિત વિસ્તાર અનેરા સૌંદર્યનો ઘણી છે. દક્ષિણે કરગરીઓ ડુંગર અને પૂર્વમાં લકી ગીરીમાળાના લહેરો વચ્ચે ટપકેશ્વરી માતાના જૂના મંદિરનો સ્થળ જ્યાં છે ત્યાં મહારાવ શ્રી ખેંગારજીએ બંધાવેલી પાંજરાપોળ પશુઓ માટેનો હવાડો તથા ચોતરફ સ્થાનીય એવા કુંઢારીઓ શેવ, અંગારીયું, લોસણા, ડુમરો, પટલીયાર, ગુંદર, ખેર જેવા વૃક્ષોના કુદરતી કુંજ નિસર્ગ પ્રેમીઓ માટે આદર્શ વાતાવરણ પૂરૂં પાડે છે. પીપળા, ખારેક અને મહારાવ ખેંગારજીએ બંધાવેલ રીપેરીંગ માગતા આંબાવાળા તળાવના અવશેષ વિશેષ ધ્યાન ખેંચે છે. રાજા પશુઓમાં દીપડા અને ગુરનાર યદાકદા દેખા હોતા.

## નાડ્યા અને સિયોતની ગુફાઓ

ઇસવીસનના પ્રારંભના વર્ષો દરમિયાન દેશભરમાં રાજ્યાશ્રયે બૌધ્ધ ધર્મનો પ્રસાર થઇ રહ્યો હતો તે કાળ દરમિયાન કચ્છમાં પણ એનો પ્રવેશ થયો હોવાના સંકેત છે.

હ્યુ એન સંગની પ્રવાસ ડાયરી આ સંશોધનોનો મુખ્ય આધાર છે. એમાં જે મોટા નગરનું વર્ણન છે તે અત્યાર લગી કોટેશ્વર મનાતું હતું. એના નજીકના વિસ્તારમાં મળી આવેલી ગુફાઓના લીધે આ માન્યતાને બળ મળેલું. પણ હાલના સંશોધન એમ પૂરવાર કરે છે કે એ સ્થળ કોટેશ્વર નહીં પણ કટેશ્વર હોવું જોઇએ. આ સ્થાન સિયોત પાસેના પાટગઢ નજીક છે. અહીં બૌધ્ધ વિહાર હતા અને કેટલીક ગુફાઓ પણ મળી છે. અગાઉ પાટગઢ તરીકે જાણીતું ગામ હાટડા થઇને સિયોત જવાય. આ પાટગઢ વાઘમ ચાવડાની રાજધાની હતું. નજીકમાં જ એક સેલોરવાવ પણ છે.

નાડાપાની ગુફાઓ ભુજ તાલુકાના ઘાણેટી ગામ નજીક ભૂરીગઢનામની જગ્યા છે. તેમાં કુદરતી પોલાણ વાળી ગુફાઓ છે. આ ગુફામાં એક ૧૫ અક્ષરની કોતરણી છે જેનો આશય છે - સચદેવના પુત્ર સચજીતના રહેવાની જગ્યા. આ ગુફામાં એકજ વ્યક્તિ રહી શકે. કદાચ રાજપુત્ર સચજીત બૌધ્ધ સંન્યાસી બની ગયા હોવાના સંકતે છે. ભુજિયાની તેળટીમાં બુધ્ધ ભગવાનની પ્રતિમાં મળી આવતાં ભુજીમાની તળેટી વિસ્તારમાં સંશોધન કરતાં ત્યાં બંદ / પૂરી દેવાયેલી ગુફાઓની માહિતી મળી. ઉપરોક્ત સિવાય દયાપર (લખપત), દેશલપર ગુંતલી, પુંઅરેશન અને વડી મેડીમાં બૌધ્ધ મઢ હોવાની શક્યતા છે.

વધુમાં, નોંધનીય છે કે લખપતના કિલામાં બૌધ્ધ સ્તૂપ પણ છે. (સૌજ્યન્ય કચ્છ મિત્રમાં પ્રકાશિત સામગ્રીના આધારે)


## શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન

(ટ્રસ્ટ રજી. નં. A-857 કચ્છ)

ગામ : લાલા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૦. મો.: 93220 45744

### વાર્ષિક સામાન્ય સભા (AGM)

ઉપરોક્ત સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા

**રવિવાર, તા. ૨૪ નવેમ્બર, ૨૦૧૯ના બપોરે ૩ થી ૫ કલાકે.**

**સ્થળ : અનંતસિધ્ધી અતિથીગૃહ (મોટું)** "C" વિંગ, અનંતસિધ્ધી, જૈન મંદીર, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮ મધે રાખવામાં આવેલ છે. દરેક ગામવાસીઓને સભામાં હાજરી આપવી.

**એજન્ડા - કાર્યસૂચી**

૧) ગત સભાનાં તા. ૨૦ જાન્યુઆરી ૨૦૧૯ની મીનીટનું વાંચન અને બહાલી.

૨) વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના ઑડીટેડ હીસાબોની રજુઆત અને બહાલી/મંજુરી

૩) વર્ષ ૨૦૧૯ પર્યુષણ પર્વનો અહેવાલ.

૪) વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ઑડીટરની નીમણુંક.

૫) વર્તમાન કમીટીને બરખાસ્ત કરીને નવી કમીટીની નીમણુંક બાબત ચર્ચા, વિચારણા અને યોગ્ય નિર્ણય.

(ઈચ્છુક ગામવાસીઓને વરીષ્ઠ કમીટીનાં શ્રી મુકેશભાઈ દામજી મૈશેરી (98204 22291) નો સંપર્ક કરવા વિનંતી.

૬) પ્રમુખસાહેબની મંજુરીથી જે રજુ થાય એ બાબતની ચર્ચા અને નિર્ણય.

**નોંધ :** ૧) કોરમનાં અભાવે મુલત્વી રહેલી સભા અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે અને કાર્યવાડી કાયદેસરની ગણાશે. ૨) એજન્ડા ઉપરાંત ના સવાલો, પ્રમુખશ્રીની મંજુરીથી ૨૫ દિવસ અગાઉ મોકલવા.

**લિ. શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**મયૂર નારાણજી ખોના**
(PS 263) ગામ - તેરા
ફ્લેટ નં. ૧૧૦૧, ૧૧મે માળે, માતૃ આશિષ કો.હા.સો.,
પ્રો. યુ. યુ. ભટ્ટ માર્ગ, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.
મો.: Mayur 09137837255, Rita 09137837198

**પ્રફુલ ઉમરશી મોતા**
(PS 5946) ગામ - સુથરી
ફ્લેટ નં. એ-૨, બીજે માળે, કલ્વે ગણેશ એપાર્ટમેન્ટ,
(જુનુ ૮૦૮) નવું ૩૨૪, પૂનામલ્લે હાઈ રોડ, કીલપોક,
ચેન્નાઈ - ૬૦૦ ૦૧૦.
મો.: Praful - 09080142035, Nevil - 08939195314

**શ્રીમતી રંજનાબેન નારાણજી સોની**
(PS 7182) ગામ - સુથરી
સી-૧૨૦૩, સ્વાતી ફ્લોરેન્સ, સોબો સેન્ટરની બાજુમાં,
સફલ પરિસર રોડ, સાઉથ બોપલ, અમદાવાદ - ૩૮૦ ૦૫૮.
Ranjanben - 09869252785, Gitesh - 07506362785,
Riddhi - 07710898145

**અશોક ગોવિંદજી લોડાયા**
(PS 6085) ગામ - વારાપધર
''કૌશલ'', ગ્રીન પાર્ક કોલોની, મલ્લેશ્વરી ભુવન રોડ,
બુરહાનપુર - ૪૫૦ ૩૩૧. (એમ.પી.)
મો. : 070000 45466 / 098932 24671

**અતુલ ચીમનલાલ મોતા**
(PS 3344) ગામ - તેરા
રૂમ નં. ૯, પહેલે માળે, અંકુર બિલ્ડીંગ, તિલક નગર,
બી.એસ.એન.એલ. ઓફીસની ઉપર, તારા નાઈક હોસ્પીટલની સામે,
ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: 09594812830

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૮-૧૯ | ડોમ્બીવલી | હિદન, ચિંતન શરદ વેરશી શિયાલ | દલતુંગી | પુત્ર |
| ૦૧-૦૯-૧૯ | થાણા | નિશિકા, જીનેશ નરેન્દ્ર ભવાનજી મૈશેરી | જખૌ | પુત્રી |
| ૧૨-૦૯-૧૯ | મુલુંડ | સુહાન, જાનકી જય ખુશાલ મોતા | લાખણીયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૯-૧૯ | ડોમ્બીવલી | કેયુર દેવેન્દ્ર પાસુભાઈ લાપસિયા | દલતુંગી | ૨૫ |
| | ડોમ્બીવલી | પરિતા ઉત્તમ વીરજી ડાઘા | દલતુંગી | ૨૩ |
| ૩૦-૦૯-૧૯ | વાશી | યશ ઉત્તીન પદમશી લોડાયા | નલિયા | ૨૬ |
| | ઈન્દોર | ચાંદની ધનેશ મુલચંદ છેડા | સુજાપર | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૮-૧૯ | પૂના | મિતેશ તલકચંદ હીરજી દેઢિયા | કોટડી મહાદેવપુરી | - |
| | પૂના | યામિની યતિશકુમાર હિરાચંદ છેડા | વારાપધર | - |
| ૦૮-૦૯-૧૯ | મુલુંડ | અમન ધીરેન ખીમજી ગડા | સાંભરાઈ | ૨૬ |
| | મુલુંડ | સ્તુતિ મનોજ કુંવરજી દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |
| ૨૯-૦૯-૧૯ | ગ્રાન્ટ રોડ | કેવલ માનીશ પોપટલાલ નાગડા | ભોજાય | ૨૫ |
| | ડોમ્બીવલી | ભક્તિ હરીશ કેશવજી ધરમશી | રંગપુર | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૯-૧૯ | દિલ્હી | વર્ષા હરીશકુમાર શર્મા | જોધપુર | ૫૧ |
| | | (સરોજબેન હેમરાજ ચાંપશી ખોનાની સુપુત્રી-રંગપુર) | | |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૯-૧૯ | કલવા | કિશોર વેરશી જેઠાભાઈ ધુલ્લા | ભરૂડીયા | ૭૨ |
| ૨૦-૦૯-૧૯ | ધમતરી | લક્ષ્મીચંદ કરમશી રતનશી લોડાયા | સાંધવ | ૭૭ |
| ૨૧-૦૯-૧૯ | જામનગર | લીલાવંતી વિશનજી રતનશી વોરા | રંગપુર | ૭૬ |
| ૨૧-૦૯-૧૯ | ડોમ્બીવલી | શ્વેતા ભરત રાયચંદ શામજી લોડાયા | નાની ખાવડી | ૨૯ |
| ૨૨-૦૯-૧૯ | ઈટારસી | ગુણવંતી પદમશી લખમશી લોડાયા | નલિયા | ૭૫ |
| ૨૨-૦૯-૧૯ | અંબડ | વંદન અશોક વીરચંદ લાલજી ધરમશી | નલિયા | ૧૮ |
| ૨૪-૦૯-૧૯ | હુબલી | ચારૂલતા રતિલાલ નારાણજી નાગડા (પટેલ) | નલિયા | ૬૯ |
| ૨૪-૦૯-૧૯ | સુથરી | દામજી પત્રામલ જેઠાભાઈ છેડા | સુથરી | ૭૧ |
| ૦૨-૧૦-૧૯ | ભુજ | લક્ષ્મીબાઈ વાલજી દામજી ધરમશી | જશાપુર | ૮૪ |
| ૦૨-૧૦-૧૯ | નાંદગાંવ | ગોવિંદજી શામજી આણંદજી દંડ | લાલા | ૮૩ |

## ધર્મ સંદેશ - ૧૪૫ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) વિમલવસહી (૫) તપાગચ્છ (૭) મતિ (૮) તરપણી (૯) વાડી (૧૦) નાગફણા (૧૨) વીસ (૧૩) છત્ર (૧૫) ક્ષેત્રો (૧૭) ત્રીસ (૧૮) તપ (૨૦) દેવસી (૨૪) ફાગણવદ (૨૫) રાણકપુર (૨૬) લાજ (૨૭) નાગેશ્વર (૩૦) ગૃહચૈત્ય (૩૨) વહી

**ઊભી ચાવીઓ** - (૧) વિમલનાથ (૨) મતિ (૩) વરકાણા (૪) હિત શિક્ષા છત્રીસી (૫) તપસ્વી (૬) પાણી (૯) વાસક્ષેપ (૧૧) ફણા (૧૪) ત્રસ (૧૬) સુદેવ (૧૯) નાગ (૨૧) વદ (૨૩) સારસ (૨૫) રાજગૃહી (૨૮) ગેલ (૨૯) રથ (૩૧) ચૈત્ય (૩૩) બે

## કચ્છી કસબ - ૧૪૫ નો ઉકેલ

**આડી ચાવીઓ** - (૧) લાંઢેતો (૩) અશોખ (૫) ફોડ (૬) જોલાભ (૯) ગરી (૧૦) ખોરખોરો (૧૨) ફાંફાસ (૧૪) અધ (૧૬) ઠોળ (૧૭) ઈ (૧૮) પાસા (૨૦) નોં (૨૧) ઈનું (૨૨) વનોરી (૨૩) સોમું (૨૪) માર (૨૫) ભગાડ (૨૬) જડેવઈ (૨૮) પાટઈ (૨૯) હોડાં (૩૦) મોછ (૩૧) નોં (૩૨) વ્યો (૩૩) લોલરા (૩૫) રોળે

**ઊભી ચાવીઓ** - (૧) લાંટ (૨) તોજો (૩) અભરી (૪) ખણખોધ (૫) ફોટરો (૭) લાગ (૮) ફાંફા (૧૧) ખોરો (૧૨) ફાંટ (૧૩) સઉં (૧૪) અળાઈ મુંજાઈ (૧૫) કંસારી (૧૮) પાનો (૧૯) ચોપગા (૨૨) વરઈ (૨૪) માવડી (૨૫) ભરામણ (૨૭) હેડાંમળે (૨૮) પાછલો (૩૪) રુ

## સખીવૃંદ પુણે






વેસ્ટ કયારે પણ ખરેખર વેસ્ટ નથી , જ્યાં સુધી આપણે તેને વેસ્ટ નથી કરતાં. હાલના, 'નો પ્લાસ્ટીક'ના મુદા ને અનુલક્ષી ને મયુરી હિતેન મોમાયા એ સ્સટેનેબિલિટી (જીવંત, ટકાઉ), જીરો વેસ્ટના વિષય પર સપ્ટેમ્બર મહિનાની મીટિંગનું આયોજન કર્યું. જેઓ માસિક ને વધુ સ્વસ્થ અને ઈકો ફ્રેડલી બનાવવા પ્રયત્નશીલ છે. નવકારના પઠન બાદ કોમલ કલ્પેશ ધરમશી એ ઓગસ્ટ મહિનાની મિટિંગનો અહેવાલ રજૂ કર્યો.

'અમારા ગ્રુપ'ની બહેનો એ મંડળની દરેક ઉંમરની સખીઓને ધ્યાનમાં રાખી,માસિકની શરૂઆત થી માસિકના અંત સુધીની સવિસ્તાર માહિતી આપી. માસિકમાં વપરાતા સેનિટરી પેડ્સ, ૬ પ્લાસ્ટિક બેગ અને ઘણાં બધાં કેમિકલના મિશ્રણ થી બનાવાય છે. જે આપણાં સ્વસ્થ્ય અને પર્યાવરણ માટે ખૂબ જ નુકશાનકારક છે. તેનું વિઘટન થતાં કેટલાય વર્ષો લાગે છે, તેના બદલે આપણે માસિક કપ, બાયો ડીગ્રેડેબલ સેનિટરી પેડ્સ, અને ફરી વપરાય એવા ક્લોથ પેડ્સ વગેરે વાપરી શકીએ છીએ. જે આપણાં આરોગ્ય માટે પણ સુરક્ષિત છે. આ વસ્તુઓ કેવીરીતે બને છે.તેનો ઉપયોગ અને નિકાલ કેવીરીતે કરવો, તેની ઉંડાણપૂર્વક સમજ આપી.

કાર્યક્રમ ને આગળ વધારતા, મયુરી મોમાયાએ તૈયાર કરેલી પેંમ્પ્લેટ અને પીપીટી રજૂ કરી, જેમાં પ્લાસ્ટિકના જુદા જુદા પ્રકાર અને તેના બદલે વપરાતી ઈકો ફ્રેડલી વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મયુરી મોમયાએ સૌ સખીઓને જીરો વેસ્ટ તરફ , તેમના નાનાં પગલાં પણ પર્યાવરણ માં મોટો બદલાવ લાવી શકશે, એવો આગ્રહ કર્યો. મંડળ તરફથી, શીખવેલ ચારકોલ પેંટિગ તૈયાર કરવા બદલ સખીઓને સર્ટિફિકેટ અપાયા. અંત માં હેતલ હેમલ મૈશેરીએ મયુરી હિતેન મોમાયાનો આભાર માન્યો.

# પાંચમી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલી

અવતરણ
તા. ૨૬-૧૨-૨૯૫૩



મોક્ષગતિ
તા. ૦૧-૧૦-૨૦૧૪

## શ્રી મણીકાંત મેઘજી મોમાયા

ગામ: વરાડીયા - હૈદરાબાદ

કરૂણા અને માનવ સેવાથી જીવનને અલંકૃત બનાવનારા
કુટુંબ પ્રત્યે અનન્ય સ્નેહ સાથે સહયોગી બનનારા
મિલનસાર સ્વભાવ થકી બહોળો આત્મીય સમુદાય ધરાવનારા
સત્કાર્યોમાં મૂકપણે યોગદાન આપનારા, અમારા પ્રેમના
પરિમલમૂર્તિનો ગુમાવ્યો સ્નેહ તણો સંગાથ, વિત્યા પાંચ વર્ષ
આપ વિના જીવનના, અંતરથી સમરીયે પલ પલ આપને જીવનમાં

પત્ની : **શ્રીમતી લતા મણીકાંત મોમાયા**

| | | | |
|---|---|---|---|
| પુત્ર | : હેમાંગ મણીકાંત | પુત્ર વધુ | : ઝેની હેમાંગ |
| પુત્ર | : ગૌરવ મણીકાંત | પુત્ર વધુ | : બિન્દીયા ગૌરવ |
| પુત્રી | : હર્ષિતા ભાવિન | જમાઈ | : ભાવિન સોનાવલા |
| પૌત્ર | : શૌર્ય હેમાંગ | પૌત્ર | : રાજવીર ગૌરવ |
| પૌત્રી | : વિધિ હેમાંગ | દોહિત્ર | : ધીર ભાવિન |

Gaurav* CATERERS
Where quality counts...

Hemang Momaya 9885101010
Gaurav Momaya 9769101010

।। શ્રી આદિનાથાય નમો નમ:



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ



કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૯૮૨૦૪ ૩૮૭૮૪/૯૯૦૪૯ ૭૨૪૦૩



# શ્રધ્ધાંજલિ...



## માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા

માતુશ્રી દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયાના તાજેતરમાં તા. છઠ્ઠી સપ્ટેંબર થયેલ ૮૮ વર્ષની પાકટ વયે થયેલ અણધારી અને અકલ્પનીય વિદાય કાળજું કંપાવનારી બની રહી. એમના દેહવિલયથી સમસ્ત સાંયરા ગામે એક માતાનું શિરછત્ર ગુમાવ્યું. આ વિનમ્ર ભેખધારીના નિધનથી કેવળ સાંયરા ગામ ન હીં, સમગ્ર ક.દ.ઓ. સમાજે પણ આ સાથે નિરાધાર, નિ:સહાય અને નિર્ધન બની ગયાની અનુભૂતિ અનુભવી. જાણે કે એક યુગ અસ્ત થયો. આપણે સૌએ કલ્પવૃક્ષના છાંયડા જેવી એમની શીતળ છાયા ગુમાવી. જ્ઞાતિએ જ નહિ પણ કચ્છ પ્રદેશે, કચ્છી સમુદાયે એક સક્રિય, નિ:સ્વાર્થ પ્રતિભાશાળી અને સંનિષ્ઠ વ્યક્તિ ગુમાવી છે. તમામ સાંયરાવાસીઓ અને નિયાણીઓ પણ પરિવારની આ દુ:ખની ઘડીમાં સહભાગી બને છે. એમના અરિહંત શરણ થવા બદલ તીવ્ર અને ઉંડી દુ:ખની લાગણી અનુભવીએ છીએ. દમયંતીબેનના પરમ પાવન આત્મા પ્રતિ શ્રદ્ધાસુમન અભિવ્યક્ત કરી જીવનની પ્રત્યેક પળનું સ્મરણ કરી તેમના યશસ્વી કાર્યોના સુરેખ સરવૈયાને અંત:કરણપૂર્વક વંદન કરીએ છીએ. જનારની પાછળ એમની મનગમતી પ્રવૃત્તિઓ ચાલુ રાખીએ તો સદ્દગતની યાદો અમર બની જાય છે. એમણે દર્શાવિલા પથ પર ચાલવાનો પ્રયત્ન કરીએ અને ધ્યેયને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ એ જ એમને ખરી શ્રદ્ધાંજલી હશે.

દમયંતીબેન એટલે કર્મવીર, ધર્મવીર અને દાનવીરનો ત્રિવેણી સંગમ. શિક્ષણ કેવળ ગુજરાતી સાતમાં ધોરણ સુધીનું પણ ગણતર અને કોઠાસૂઝમાં અવ્વલ ! એમના જેવા દિલેર સખી દિલ દાતા એ સમગ્ર શાસનનું પરમ સૌભાગ્ય હતું. એમનું કરોડોનું રૂપિયાનું ઉદારતાપૂર્ણ દાન હજારો સાધર્મિક બંધુઓને સંજીવની સાબિત થઈ રહ્યું છે. તેઓશ્રીએ એકલે હાથે સાંયરાની ભોજનાલયનું નુતનીકરણ કરવા માતબર રકમ અર્પણ કરી. સાથે સાથે સાંયરા ગામે એમણે અત્યાધુનિક અતિથિગૃહનું નિર્માણ પણ કર્યું. સાંયરા ગામમાં સુથી તરફનું શાનદાર પ્રવેશદ્વાર એમના સેંકડો કામોમાંથી એકની સાક્ષી બની ।જે પણ ગવાહી દેતું ઉભું છે. સાંયરામાં બબ્બે ચાતુર્માસ લઈ સ્વયં ઉપસ્થિત રહીને ખૂબ જ ધામધૂમથી ચાતુર્માસની ઉજવણી કરી. પારોલા, જળગાંવ, ઔરંગાબાદ હોય કે વડોદરા હોય, ક્યાંક ચાતુર્માસ સપનાની ઉછામણી કલ્પસૂત્ર પધરાવવાનો કે પોથી પધરામણી કે સાધર્મિકભક્તિનો લાભ લગભગ દર વર્ષે લીધેલ છે. સાંયરા ગામે દાદા ભલારાના સ્થાનકનું શિખરબંધ મંદિર બનાવ્યું. શાંતિજિન ગ્રુપના બેનર હેઠળ આયોજિત ૨૬માં સમૂહલગ્નનો સંપૂર્ણ દાતા તરીકેનો ખર્ચ ઉઠાવ્યો હતો જેમાં ૨૦ યુગલોના લગ્ન કરાવેલ. ક.દ.ઓ. જૈન મહાજન આયોજિત ૭૭માં સમૂહ લગ્નનો ખર્ચના સંપૂર્ણ દાતાનો પણ લાભ એમણે લીધેલ હતો. એક દીક્ષા મહોત્સવમાં રૂપિયા પાંચ લાખનો ફાળો નોંધાવેલ હતો. સાંયરા વિકાસ મંડળના નેજા હેઠળ તત્વાધાન માટે લાગલગાટ પાંચ વરસ સુધી એકલા હાથે સમૂહ ભોજનનો લાભ લીધેલ. ક.દ.ઓ. અને ઈતર જ્ઞાતિજનો માટે દવા, ઈલાજ વેપાર માટે જોઈતી સહાય આપી અથવા જરૂરત પ્રમાણે કરવામાં આવે છે.

વડોદરામાં પણ સંપૂર્ણ ચાતુર્માસની જવાબદારી વહન કરી હતી. ડોંબીવલીમાં પણ એક વર્ષ સમસ્ત જ્ઞાતિને ભલારાદાદાના પાઠમાં આમંત્રિત કર્યા હતા. પાલીતાણામાં તપચક્ર ચક્રવર્તી પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રા અને પ્રેરણા હેઠળ બની રહેલ સંકુલમાં એક રૂમ માટે એમનું ઉદારદિલ પણ યોગદાન છે. આ યાદી તો થોડાક કાર્યોની ઝાંખી માત્ર છે. સાધર્મિકભક્તિ હોય, જીવદયા હોય, ધાર્મિક ક્ષેત્ર કે પછી સ્વપ્નોની ઉછામણી હોય એમનું યોગદાન હોય અને હોય જ.


જીવન સફરમાં લોકકલ્યાણકારી અને રચનાત્મક પ્રવૃત્તિઓ થકી માનવતાવાદનો એક અવિનાશી ઈતિહાસ સર્જ્યો છે. એમના જીવનના ઉચ્ચ આદર્શો અને સુકૃતોમાંથી સહુને સદાકાળ પ્રેરણા મળતી રહેશે. દિવ્ય, શાંત, સૌમ્ય, નિર્મલ, નિર્દોષ ચહેરો કદીયે નજર સામેથી હટશે નહીં. સાધુ-સાધ્વીજીઓના સેવાર્થી, ધર્મપ્રેમી, અબોલ જીવોના રક્ષક હતા. સુખી અને સંપન્ન હવા છતાં તેમના જીવન અને વિચારોમાં સાદગી હતાં.

શ્રી સાંયરા સંઘ એમની કીર્તિકૌમુદીનું કૃતાર્થભાવે સ્મરણ કરીને અંતરથી અશ્રુભીની અંજલિ અર્પણ કરે છે. સદ્દગતનો આત્મા જ્યાં પણ હોય ત્યાં ચિર શાંતિ પામી શીઘ્રપણે શાશ્વત સુખનો અધિકારી બને. એમના ચરણકમલોમાં શ્રદ્ધાસુમન સમર્પિત.

લિ.
**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**
**સાંયરા વિકાસ મંડળ ∗ સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ**
**સાંયરા યુથ ફોરમ ∗ સાંયરા સહિયર શ્રધ્ધાના સુમન અર્પણ કરે છે.**

UPASANA - 9820167767





## માતુશ્રી સંઘમાતા દમયંતીબેન રતનશી કુંવરજી લોડાયા

સાંયરા – ઉજ્જૈન (મ.પ્ર.)
અરિહંતશરણ : તા. ૦૬–૦૯–૨૦૧૯

## શ્રી મણીકાંત રતનશી કુંવરજી લોડાયા

સાંયરા – ડોંબીવલી
અરિહંતશરણ : તા. ૧૨–૦૯–૨૦૧૭

**દ**યા અને મમતાની જીવતી મુરત સમા ત**મ**
**મ**હિમા માં ની શાસ્ત્રોમાં પણ વર્ણાવેલી ઘ**ણી**
**યં**ત્રણા અપાર વેઠીને અમને ઉછેર્યા એમાં નથી શં**કા**
**તી**રથ સમા આપ રહેશો અમ મનમાં અવિર**ત**
**મા**નવ જીવનને સફળ બનાવીને વધારી છે ભવની શો**ભા**
**તા**જગી ભરી રહેશે હંમેશ આપના સુકૃતોની સાદા**ઈ**

પૂજ્ય માતુશ્રી સંઘમાતા દમયંતીબેન રતનશી લોડાયા (ગામ : સાંયરા, હાલ : ઉજ્જૈન (મ.પ્ર.)ની **પ્રથમ માસિક સ્મરણાંજલી** અને શ્રી મણીકાંત રતનશી લોડાયા (ગામ : સાંયરા, હાલ : ડોંબીવલી)ની **દ્વિતીય પુણ્યતીથી** નિમિત્તે સમસ્ત લોડાયા પરિવાર વિનમ્ર શ્રધ્ધાંજલી અર્પે છે...

**લી.**

**ભારતી મણીકાંત રતનશી લોડાયા**
**અ.સૌ. જ્યોત્સના દિપક રતનશી લોડાયા**
**તરૂણ રતનશી લોડાયા**

અ.સૌ. સુપ્રિયા આકાશ દિપક રતનશી લોડાયા
અ.સૌ. તારા લલીત મોતા (સુથરી–નાશીક)
અ.સૌ. વીણા સમિત ખોના (જખૌ–વડોદરા)
અ.સૌ. ભૂમિકા ગુંજન શિયાળ (જખૌ–અમેરીકા)
અ.સૌ. શોભા લલીત નાગડા (નલીયા–ડોંબીવલી)
અ.સૌ. મનીષા કમલેશ મોતા (સુથરી–ઔરંગાબાદ)
અ.સૌ. ચાર્મી પરાગ નાગડા (નલીયા–વાશી)
ચિ. ક્રિષા સમિત ખોના, ચિ. ખુશી ગુંજન શિયાળ

UPASANA - 9820167767

।।શ્રી અનંતનાથાય નમઃ।।

# શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર

દ્વારા આયોજિત

* ઓળી પ્રારંભ *
સંવત ૨૦૭૫ને આસો સુદ ૭ને
શનીવાર, તા. ૦૫-૧૦-૨૦૧૯

# આસો માસની આયંબીલની ઓળી

* ઓળી પુર્ણાહુતી *
સંવત ૨૦૭૫ને આસો સુદ પૂનમને
રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૯

સાગરકી વિશાલતા બુલાતી હૈ જબ,
તબ ગંગાકી ધારા દોડતી ચલી આતી હૈ,
અનંતછાયામેં આયંબીલ કી ઓળી કે ભક્તો કી ભક્તિ બુલાતી હૈ જબ,
તબ યહ કલમ ચલતી હી જાતી હૈ...

મહાસાગરના કિનારે ઉભેલા વ્યક્તિને નયનોથી સાગરની જલધારાજ દેખાતો નથી દૂર દ્રષ્ટિ કરે તો કિનારો પણ દેખાય છે. માત્ર પાણીની ઉપરની સપાટી જ દ્રશ્યમાન થતી નથી, પણ જો ગહરાઈથી નિહાળે તો રત્નાકરના મોંઘા મોતી પણ મેળવવાનું મન થઈ જાય. તે માટે જરૂરી છે સાહસ અને ધૈર્ય. અનોખા સત્વશીલશાળી વ્યક્તિત્વવાળો જ કાંઈક નોખું મેળવી શકે છે. તેમ આયંબીલની ઓળી તો સર્વે કોઈ કરતાં હોય છે, પણ મોંઘા મોતી સમાન અનંતછાયામાં આયંબીલની ઓળીની ભક્તિ તો શ્રી ક.દ.જી.વી.સી. જૈન સંઘનો સાહસ છે.

તપચક્રચક્રવર્તી **પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.** ના આશીર્વાદથી ઘાટકોપર નગરે અનંતછાયા મધ્યે શ્રી કે.ડી.ઓ.જી.વી.સી. જૈન સંઘ તથા દાતા પરિવારના સંગાથે આસો માસની આયંબીલ ઓળી કરાવવામાં આવશે. સકળશ્રી સંઘને આયંબીલની ઓળીનો લાભ લેવા વિનંતી.

## આસો માસની આયંબીલ ઓળીનાં દાતા

## શેઠશ્રી ચાંપશીભાઈ માણેકજી લોડાયા (લોખંડવાલા) પરિવાર
## સાંધવ - ઘાટકોપર

* સંપૂર્ણ ઓળી કરનારના પારણા *
સંવત ૨૦૭૫ને આસો વદ ૧ને
સોમવાર, તા. ૧૪-૧૦-૨૦૧૯

-: આયંબીલ કરનારને નામો લખાવવા સંપર્ક :-
શ્રી રાજેનભાઈ લોડાયા - ૯૩૨૩૦ ૩૦૧૪૯
શ્રીમતી લત્તાબેન કુરૂવા - ૯૩૨૪૦ ૨૮૯૩૨

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ વતી પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

## શ્રી અરિહંત કૉ. ઑ. બેંક લી. ને એવોર્ડ



૧૮-૧૯ સપ્ટેમ્બરના ગોવા ખાતે આયોજિત નેશનલ કોઓપરેટીવ બેંકીંગ સમીટ માં શ્રી અરિહંત કૉ. ઑ. બેંક લી. ને નાની શહેરી કો.ઓ. બેંક વિભાગમાં ડેબીટ કાર્ડના વિસ્તરણ માટે બેસ્ટ કો. ઓ. બેંકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. બેંક વતીથી ચેરમેન શ્રી હિરાચંદ દંડ તથા આઇ.ટી. હેડ શ્રી રોહિત સિંગએ એવોર્ડ સ્વિકાર્યો હતો.

## કે.ડી.ઓ. ક્લાસીક સોસાયટી તથા કે.ડી.ઓ. ક્લાસીક ફાઉન્ડેશન







કે.ડી.ઓ. ક્લાસીક સોસાયટીની બીજી જનરલ મીટીંગ તથા કે.ડી.ઓ. ક્લાસીક ફાઉન્ડેશનની ત્રીજી જનરલ મિટીંગ ચેમ્બુર ખાતે તા. ૨૧-૯-૨૦૧૯ના યોજાઇ હતી. પ્રમુખ શ્રીમતી સરસ્વતી લાપસીયાએ સભ્યોને આવકાર આપ્યો. મંત્રી શ્રી કપિલ લોડાયાએ મીનીટ્સ તથા એજન્ડાનું વાંચન કર્યું. ખજાનચી શ્રીમતી જયશ્રી જૈને હિસાબો રજુ કર્યા. સ્થાપક પ્રમુખ શ્રી શાંતિલાલ શિયાલે સંસ્થાના કાર્યો તથા ભવિષ્યના આયોજનો વિશે માહિતી આપી. સહમંત્રી શ્રીમતી ચંદ્રિકા લોડાયાએ આભાર દર્શન કર્યું. કે.ડી.ઓ. ક્લાસિકને રૂા. ૩ લાખનું માતબર દાન આપનારા શ્રી મધુકાંતભાઇ ખોનાનું સન્માન સ્થાપક પ્રમુખ શ્રી શાંતિલાલ શિયાલ તથા પૂર્વ પ્રમુખ શ્રી મણિકાંત ધુલ્લાના હસ્તે કરવામાં આવ્યું.

## જ્ઞાતિમાં દિવ્યાંગોનું પ્રથમ આનંદમિલન (અહેવાલ સમાચાર વિભાગમાં)











## હાર્દિક અભિનંદન



સર્વિસ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સીલ SEPC (ભારત સરકારના વ્યાપાર ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્થાપિત)ની સેન્ટ્રલ ગવર્નિંગ કાઉન્સીલના સભ્ય તરિકે સી.એ. હિરાચંદ દંડની વરણી થઇ છે. તેઓશ્રી મનોરંજન ઉદ્યોગના પ્રતિનિધી તરીકે સેવા આપશે. SEPC ના વાઇસ ચેરમને શ્રી માનેક દાવરના વરદ હસ્તે દિલ્હી ખાતે તા. ૨૫-૯-૨૦૧૯ના તેમનું સ્વાગત કરવામાં આવ્યું.

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2019
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# : શ્રધ્ધા સુમન :



જન્મ તારીખ :
તા. ૨૩-૦૫-૨૦૦૧

મોક્ષ ગામી :
તા.: ૨૨-૦૯-૨૦૧૯

## સ્વ. વંદન અશોક ધરમશી

નલિયા - અંબડ

ધર્મનિષ્ઠ, શિસ્તપ્રિય તેમજ વડીલનો આદર કરતો વંદન, છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતો હતો. પર્યુષણ પર્વ દરમ્યાન નવ ઉપવાસની તપશ્ચર્યા કરી મિત્રો સાથે માનસ મંદિરની જાત્રાએ ગયેલ વંદનનું આકસ્મિક અવસાન તથા તેની તીર્થયાત્રા મોક્ષયાત્રા બની; ત્યારે એટલુંજ કહેવાનું રહે છે કે :

પાનખર વિના લીલું પાંદડું ખરી પડ્યું, નહોતું પીળું પડ્યું કે નહોતું કોઈને નડ્યું, તોય લીલુંછમ પાંદડું ખરી પડ્યું, કંઈક વહેલું થયું એવું હજી પણ ખટક્યા કરે છે, પણ સત્યનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી.

**ધર્મનો મર્મ સત્કર્મથી સમજાય છે, દરેક અંત એક આરંભની શરૂઆત છે.**
**સંસાર ચક્રમાં મૃત્યુ તો એક વિસામાનું સ્થાન છે, આત્મા તો અમર છે.**

**પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

**શ્રી વિરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ટ્રસ્ટીઓ**
**પદાધિકારીઓ, સભ્યો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ તરફથી....**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.